Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૧૧ • તા. ૧૩ માર્ચ ૨૦૧૭ થી ૧૯ માર્ચ ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી કચ્છ નલીયા તિર્થે શ્રી ચંદ્રપ્રભસ્વામિ જિનાલયે સહિરક શતાબ્દી વર્ષે તથા ૧૭૫ મી ધ્વજારોહણ પ્રસંગે પંચાહ્નિકા મહોત્સવની તસ્વીરી ઝલક

















# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘના સવંત ૨૦૭૩ થી ૭૯ સુધીની મુદત માટે નવા બીનહરીફ ચુંટાયેલા ટ્રસ્ટીઓ અને વ્યવસ્થાપક સમિતિ સભ્યોમાંના

## સ્વજનોને અભિનંદન.... શુભેચ્છાઓ....

**ટ્રસ્ટી**



**શ્રી તેજપાલ લખમશી ધરમશી**

લાલા - મુલુંડ

**ટ્રસ્ટી**



**શ્રી શૈલેશ ગોવિંદજી ધરમશી**

સાંયરા - ડોંબિવલી

**વ્ય. સમિતિ સભ્ય**



**શ્રી અરવિંદ રાયચંદ લોડાયા**

દલતુંગી - ડોંબિવલી

**વ્ય. સમિતિ સભ્ય**



**શ્રી હરીશ ધનજી ડાઘા**

વરાડીયા - ભાંડુપ

**વ્ય. સમિતિ સભ્ય**



**શ્રી મનોજ દામજી લોડાયા**

બાંઢિયા - ભાંડુપ

**વ્ય. સમિતિ સભ્ય**



**શ્રી ગિરીશ કાનજી દંડ**

લાખણીયા - વડાલા

**વ્ય. સમિતિ સભ્ય**



**શ્રી કમલેશ શીવજી શિયાડ**

તેરા - ડોંબિવલી

**વ્ય. સમિતિ સભ્ય**



**શ્રી અલ્પેશ જવેરચંદ ધરમશી**

લાલા - મુલુંડ

**વ્ય. સમિતિ સભ્ય**



**શ્રી વિપુલ મણીલાલ પોલડીયા**

ડુમરા - ભાંડુપ

તદ્ ઉપરાંત નવા ચુંટાયેલા પદાધિકારીઓ - ટ્રસ્ટીગણ અને વ્યવસ્થાપક સમિતિના સર્વે સભ્યોને અભિનંદન. દેવગુરૂની કૃપાએ આપ સૌ દ્વારા જીનશાસનના તથા વૈયાવચ્છના વધુને વધુ સારા કાર્યો થાય, તેમજ અચલગચ્છનું ગૌરવ વધે. એવી ઈશ્વરને પ્રાર્થના સહ શુભેચ્છાઓ.

**: શુભેચ્છકો :**

**માતુશ્રી બાયાંબાઈ લખમશી ધરમશી** (લાલા - મુલુંડ)
**માતુશ્રી મમીબાઈ કુંવરજી દંડ** (સુથરી - ડોંબિવલી)
**માતુશ્રી દમયંતીબાઈ ગોવિંદજી ધરમશી** (સાંયરા - ડોંબિવલી)
**માતુશ્રી કાન્તાબાઈ દેવજી ખોના** (નલીયા - હુબલી)
**માતુશ્રી સોનબાઈ રાયચંદ લોડાયા** (દલતુંગી - ડોંબિવલી)
**માતુશ્રી સુશીલાબાઈ દામજી નાગડા** (રંગપુર - ઘાટકોપર)
**માતુશ્રી જયાબાઈ ધનજી ડાઘા** (વરાડીયા - ભાંડુપ)
**માતુશ્રી સોનબાઈ શીવજી લોડાયા** (કોઠારા - ભાંડુપ)
**માતુશ્રી પુષ્પાબાઈ દામજી લોડાયા** (બાંઢિયા - ભાંડુપ)
**માતુશ્રી ચંદનબાઈ ત્રિકમજી મૈશેરી** (કુવાપધર - ભાંડુપ)
**માતુશ્રી વિજયાબાઈ કાનજી દંડ** (લાખણીયા - વાશી)
**માતુશ્રી મણીબાઈ નારાણજી ધરમશી** (કોઠારા - વડાલા)
**માતુશ્રી વિજયાબેન શીવજી શિયાડ** (તેરા - ડોંબિવલી)
**માતુશ્રી લક્ષ્મીબેન વેલજી મોમાયા** (મોટી સિંધોડી - મુરતિજાપુર)
**માતુશ્રી ઉર્મિલાબેન જવેરચંદ ધરમશી** (લાલા - મુલુંડ)
**માતુશ્રી કાંતાબેન પદમશી લાલકા** (કોઠારા - મુલુંડ ચેકનાકા)
**માતુશ્રી પ્રેમિલાબાઈ મણીલાલ પોલડીયા** (ડુમરા - ભાંડુપ)
**માતુશ્રી ચાંપબાઈ શામજી લોડાયા** (સુથરી - ભાંડુપ)

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
: વ્યવસ્થાપક :
ચંદ્રસેન મોમાયા
મો. 09324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા



**અંક નં. 11/2017**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


## સંસ્થાના અધિકારીઓ બજેટ બનાવવાને માથાકૂટ ન સમજે એ પારદર્શકતાને વિશ્વાસ પાત્રતા તરફનું પ્રથમ ચરણ છે

પ્રકાશ સમીક્ષાના તંત્રી સ્થાનેથી લગભગ છેલ્લા ત્રણેક વર્ષથી તો સતત અનુરોધ કરવામાં આવ્યો છે કે કાનૂની ફરજ તરીકે પણ દરેક સંસ્થાએ માર્ચ મહિનામાં આગળના વર્ષનું બજેટ બનાવીને ચેરીટી કમિશનરને મોકલવાનું હોય છે. એ વાત પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો કે સંસ્થાના સુચારૂ સંચાલન માટે, દાતાઓ અને લાભાર્થીઓનો ભરોસો ટકી રહે તે માટે પણ આ કવાયત જરૂરી છે.

સંસ્થાઓ બજેટ બનાવવા પ્રત્યે રૂચિ દાખવશે તો તેમને પોતે જે જે પ્રકારના કાર્યો કરવા માંગે છે તેમાંથી આર્થિક સ્થિતિને કારણે કેટલા વ્યવહારુ છે અને કેટલા નહીં તેનો પણ અંદાજ આવશે.

સાથે સાથે સંસ્થાની પ્રવૃતિ માટે કેટલા નાણાની આવશ્યકતા છે અને ખૂટતા નાણા ક્યાંથી આવશે, તે મેળવવા માટે કેવા પ્રકારનું આયોજન કરવું તેનો ખ્યાલ પણ આ પરથી આવે છે. પારદર્શકતા રાખવાથી સંસ્થાના હિતેચ્છુઓ પણ પોતપોતાની વગ જ્યાં જ્યાં હોય ત્યાંથી ખૂટતા નાણા આવે એ માટે જહેમત ઉઠાવવા તૈયાર થાય છે.

બજેટ બનાવતી વખતે આડકતરી રીતે સંસ્થાની વર્તમાન અને ભાવિ અગ્રતાઓ શું છે, તે અંગે કેવા પગલાં જરૂરી છે એ બાબત પણ સ્પષ્ટ થાય છે.

આખી સંસ્થાના વહીવટ તેના વ્યવસ્થિત ઢબે... પારદર્શક ઢબે ચાલતો હોય તો દાતાઓ - કાર્યકર્તાઓ અને આગેવાનો પણ તેના સંચાલનમાં સહયોગ આપવાને પોતાની ફરજ માને છે.

વળી એવું નથી કે બજેટ બનાવવાનો અર્થ એમ થાય છે કે સંસ્થા એ પ્રવૃત્તિ કરવા માટે બંધાઈ જાય છે કે તે બીજા નવા કાર્યક્રમો હાથ નહીં ધરી શકે.

બજેટનો સીધો સાદો અર્થ એ છે એક તરફ સંસ્થા અત્યારે આ આ પ્રવૃતિ માટે આવા આવા સ્ત્રોતોથી આટલા રૂપિયા ભેગા કરવાની છે અને આ રીતે તેનો ઉપયોગ કરવાની છે તેનો કાચો અંદાજ.

આ કામ એટલું સરળ છે કે તે બદલ આળસ, ડર કે ચાલશે જેવી પલાયનવાદી વૃતિ દાખવવાનું જરા જેટલું યોગ્ય નથી.

અને આખરે તો એનાથી સંસ્થાનો આગેવાન વર્ગ ટેન્શન મુક્ત થાય છે અને કાર્યકર્તા વર્ગ નિષ્ઠાપૂર્વક પોતાના ફાળે આવેલું કામ કરી શકે છે તથા હિતેચ્છુઓ સહયોગ આપવા અને જનતા લાભ લેવા પ્રેરાય છે.

તેનાથી વિપરિત બજેટ દ્વારા પારદર્શકતા જાળવ્યા વગર ઘણી વખત તો આગેવાનો અને તેનાથીય વિશેષ કાર્યકરોને સંસ્થાનો ભાર વેંઢારવો પડે છે.


શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ
॥ શ્રી મહાકાલી પ્રસાદાત્ શ્રી મુખ હુજૂર ॥
**યતિ શ્રી મોતીસાગરજી ક્ષમાનંદજી શ્રીજી મહારાજ**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી ઉપાશ્રય** ૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, મસ્જીદ બંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯

**અચલગચ્છના દેવી મહાકાલી માનું ૨૨માં વરસ મુંબઈમાં મહાપૂજન લાભ લેવા આમંત્રણ**

મુંબઈની ધન્ય ધરા પર આજ ૨૧ વરસથી પૂજન ઉત્સવ સમુહ આરાધના (પહેડી)થી થાય છે. ૨૨મું વરસ આસો સુદ ૪ **રવિવાર તા. ૨૪-૯-૨૦૧૭ સવારના ૮ થી ૨ મુલુન્ડ**માં ઉજવાશે. ૨૨માં વરસમાં લાભ લીધેલ સૌ દાતા પરિવારોની અનુમોદના. હવે ફક્ત ૪ નામ દાતાના દીઠ પ્રમાણે ભાવિકો લાભ લઈ શકશો. ૨૨ વરસ ઉત્સવના નામો એપ્રિલ સુધી લેવાશે. આપના નામ મુલુન્ડ શ્રી મુકેશ મૈશેરી યા યતિશ્રી અનંતનાથજી જણાવી વિશેષ માહિતી લેશો. ભક્તિ રંગમાં શ્રી કિશોર મનરાજા કલાકારો સાથે હંસકુમાર મૈશેરીની રંગત માણવા જેવી છે. ૧ થી ૨૧ વરસની D.V.D. બે ભાગમાં મળી શકશે.

**યતિશ્રી મોતીસાગરજી શ્રીજી મહારાજ - ટ્રસ્ટ - મંદિર**

# KDO શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

## આયોજીત ૭૭ મા સમૂહ લગ્ન મહોત્સવ તા. ૫-૨-૨૦૧૭, રવિવાર

## સમૂહ લગ્નમાં દરેક યુગલ માટે આવેલ ભેટ-સોગાદના દાતાશ્રીઓની નામાવલી

૧ **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ** — મુંબઈ
૧ ગ્રામ ફુલ સેટ (ચંદન હાર, મોતીનો સેટ, પાટલા, વિટીં નંગ-૨, નાકની નથડી, કન્યા દાન માટે - ૫૦ ગ્રામ ચાંદીનો સિક્કો રૂા. ૧૧,૦૦૦ FD

૨ **સંઘમાતા માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત હંસરાજ લોડાયા** — વારાપધર - વાપી
હેમનો સેટ

૩ **શેઠશ્રી મુલજી રાઘવજી લોડાયા** — સાંધવ - દાદર
કન્યા દાન માટે પાનેતર

૪ **માતુશ્રી કાંતાબાઈ ગોવિંદજી અજાણી** — કોઠારા - ઘાટકોપર
અમેરીકન ડાયમંડની નાકની નથ

૫ **શેઠશ્રી મુલજી નરશી પોલડીયા (સિનિયર ગ્રુપ ઓફ કં.)** — બાયઠ - વડાલા
ટ્રાવેલીંગ કીટ

૬ **માતુશ્રી વિજયાલક્ષ્મી ખીમજી માલશી મોમાયા**
**હ. ચેતનકુમાર ખીમજી મોમાયા** — જખૌ - ઘાટકોપર
૧ કુંદન હાર સેટ, ૨ અમેરિકન ડાયમંડ સેટ

૭ **માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા** — વરાડીયા - માટુંગા
મેલેમાઈન ડીનર સેટ

૮ **શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા (ચેરીટેબલ ટ્રસ્ટ)** — લાખણીયા - વડાલા
સ્ટીલના વાસણની કીટ (૪૪ નંગ)

૯ **શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી** — સુથરી - વરલી
સામાજીક સુરક્ષા યોજના કવચ વિમો

૧૦ **M/s. D. M. Diamond India P. Ltd. હ. મિલન ધરમશી** — તેરા - ઘાટકોપર
૧ નંગ, સાચા હીરાની નાકની સરી

૧૧ **માતુશ્રી દમયંતીબેન ચાંપશી લોડાયા** — સાંધવ - ઘાટકોપર
૧ નંગ, પ્યોર ચાંદીના ગ્લાસ

૧૨ **માતુશ્રી મણીબાઈ ખેતશી લધાભાઈ મોમાયા** — સાંયરા - નવી મુંબઈ
**માતુશ્રી સુશિલાબાઈ કાંતિલાલ ધરમશી** — ભરૂડીયા - દાદર
૧ નંગ, સાચા હીરાની વિંટી

૧૩ **શ્રી સુરેશ મેઘજી લોડાયા** — સુજાપુર - ભાંડુપ
૧ નંગ, પ્યોર ચાંદીના કમરના જુડા

૧૪ **શ્રી ચીમનભાઈ મેઘજી મોતા (તન મન ટુર્સ)** — વારાપધર - મુલુંડ
૧ નંગ, ટ્રાવેલીંગ બેગ

૧૫ **માતુશ્રી ધનબાઈ રામજી માણેકજી નાગડા** — રંગપુર - વડાલા
૧ કાંસાના થાળી, વાટકાનો સેટ, ૧ નંગ બેડશીટ બ્રાન્ડેડ

૧૬ **એક સદ્દગૃહસ્થ તરફથી** — મુલુંડ
૧ ધાર્મિક ઉપકરણ કીટ

૧૭ **શ્રીમતી રાજુલ ભદ્રેશ પટેલ** — સાંયરા - મુલુંડ
૧ નંગ ઈલે. ઈન્ડકસન ગેસ સેગડી

૧૮ **એક સદ્દગૃહસ્થ તરફથી** — ડોંબિવલી
૧ નંગ સ્ટીલની ટાંકી

૧૯ **શ્રીમતી પ્રીતીબેન હીરેન લાપસિયા** — રંગપુર - મસ્જિદબંદર
૧ નંગ પ્રશેર કુકર

૨૦ **શ્રી મનમોહન સાહેબ ખુરાના** — મુંબઈ
૧ નંગ મિક્સર

૨૧ **માતુશ્રી લક્ષ્મીબાઈ વેલજી લોડાયા** — આરીખાણા - મુલુંડ
૧ નંગ ગ્રાઈન્ડર

૨૨ **શ્રી વિરચંદ નરશી લોડાયા** — રાપર ગઢ - મુલુંડ
**શ્રી ગુલાબ ડુંગરશી ધરમશી** — સાંધણ - મુલુંડ
૧ નંગ લેડીઝ, ૧ નગ જેન્ટસ (કાંડા ઘડીયાળ સેટ)

૨૩ **માતુશ્રી વાલબાઈ દામજી નરશી ધ્રોળ પરિવાર** — કોટડી મહાદેવપુરી - ડોંબિવલી
૧ નંગ ચા-પતી રાખવાનો ડબો તથા ૦।। કીલો ચા-પતી

૨૪ **માતુશ્રી પ્રભાબેન તેજપાર લખમશી ધરમશી** — લાલા - મુલુંડ
૧ નંગ નોનસ્ટીક ડોસા તવા

૨૫ **એક સદ્દગૃહસ્થ તરફથી** — મુંબઈ
૧ નંગ મસાલા રાખવાનો ડબો (૧માં ૬ નંગ)

૨૬ **શ્રી લલિતભાઈ ટોકરશી લોડાયા** — રાપરગઢ - હૈદરાબાદ
૧ મોતીનો સેટ

૨૭ **માતુશ્રી ભારતીબેન વિરચંદ પોલડીયા**
**હ. કેતુલ વિરચંદ પોલડીયા** — બાયઠ - ડોંબિવલી
૧ નંગ બ્રાન્ડેડ ઈસ્રી, ૧ નંગ બૉસ મિક્સર છાસ માટે

૨૮ **રશ્મિબેન અજીત સાયલા** — મંજલ રેલડીયા - ડોંબિવલી
૧ નંગ ડીઝાઈનર વૉલ ફ્રેમ

૨૯ **ગં.સ્વ. વિજયાબાઈ પદમશી નાગડા (ધુમવાળા)** — નલીયા - ટિટવાલા
૧ કન્યાદાન માટે ચાંદીની ગાય

૩૦ **શ્રી લલિત ધનજી મોમાયા** — વરાડીયા - મુલુંડ
૧ ચાંદીની ઘી-બત્તી

૩૧ **માતુશ્રી ખમાવંતી ચીમનલાલ ખોના** — મોટી ખાવડી - ઘાટકોપર
૧ ડીઓ સ્પ્રે, ૧ ફરફ્યુમ, ૧ ફેસવૉશ બ્રાન્ડેડ, ૧ બ્રાન્ડેડ સિરમ (કીટ)

૩૨ **માતુશ્રી વિજયાબાઈ ડુંગરશી લાપસીયા** — દલતુંગી - મુલુંડ
૬ નંગ કલર કોમ્બો સાડી પીન, ૪ મોટા, ૪ નાના, ડીઝાઈનર નેટકોટેડ સાડી કવર, ૧ નંગ ડીઝાઈનર લેડીઝ પર્સ, ૧ નંગ બેંગલ બોક્ષ

૩૩ **માતુશ્રી મોંઘીબાઈ લાલજી લાલકા** — રંગપુર - ડોંબિવલી
૧ નંગ અષ્ટમંગલ, ૧ નંગ સિલ્વર કોટેડ મુખવાસ ડબો, ૧ ફેન્સી બટુવો, ૧ નંગ ડીઝાઈનર છાબ

૩૪ **માતુશ્રી નવલબેન મણીલાલ દંડ** — ભરૂડીયા - મલુંડ
૩ નંગ સ્ટીલના ડબાનો સેટ

૩૫ **માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર** — મોટી ખાવડી - ઘાટકોપર
૫ નંગ સ્ટીલના ડબાનો સેટ

૩૬ **માતુશ્રી બાંયાબાઈ ગોવિંદજી લોડાયા** — મોટી ખાવડી - થાણા
સ્ટીલના બે ડબાનો સેટ

૩૭ **એક સદ્દગૃહસ્થ તરફથી** — ડોંબિવલી
૧ અમેરીકન ડાયમંડ બુટી વીટી સેટ, ૧ કુંદન મોતી, આર્ટીફીસીયલ સેટ

# સમૂહ લગ્નમાં દરેક યુગલ માટે આવેલ ભેટ-સોગાદના દાતાશ્રીઓની નામાવલી

૩૮ **માતુશ્રી તેજબાઈ વસનજી છેડા** — સુથરી - ડોંબિવલી
૨ નંગ પુલગમ બ્રાન્ડેડ ચાદર સેટ, બે નંગ,
બ્રાન્ડેડ કાશ્મીરી, ધોદર, રજાઈ, વેલ્વેટ આસનીયા નંગ-૪,

૩૯ **એક સદ્‌ગૃહસ્થ તરફથી** — ડોંબિવલી
૧ નંગ બ્રાન્ડેડ પુલગમ શેતરંજી, ૧ નંગ કાશ્મીરી ગરમ શાલ,
૬ નંગ બ્રાન્ડેડ પીલો કવર સેટ, ૨ નંગ બ્રાન્ડેડ નહાવાના ટુવાલ સેટ

૪૦ **માતુશ્રી સોનબાઈ શામજી શિયાલ** — દલતુંગી - ડોંબિવલી
૧ ડઝન બ્રાન્ડેડ, લેડીઝ રૂમાલ સેટ, ૧ ડઝન જેન્ટસ બ્રાન્ડેડ રૂમાલ સેટ
૬ નંગ હાથના ટુવાલ સેટ, ૪ નંગ પાણીના વાઈટ નેપકીન સેટ

૪૧ **માતુશ્રી ઝવેરબાઈ રતનશી લોડાયા** — મોટી ખાવડી - મુલુંડ
અમેરીકન ડાયમંડ કાન બુટી સેટ

૪૨ **અ.સૌ. શિલાબેન ઉત્તમચંદ મોમાયા** — સાંયરા - નવી મુંબઈ
બ્રાન્ડેડ બ્લેન્કેટ, ૨ નંગ કન્યા માટે પંજાબી ડ્રેસ

૪૩ **ધનજી લખમશી ધરમશી - હ. ગિરીશ ધરમશી** — કોઠારા - મુલુંડ
ઈમેટીએશન મંગલસુત્ર

૪૪ **માતુશ્રી મણીબેન હંસરાજ લોડાયા પરિવાર** — મોટી ખાવડી - થાણા
જલધારા બ્રાન્ડ વૉટર જગ (૧૨ લીટર)

૪૫ **માતુશ્રી સરોજબેન માણેકજી લોડાયા પરિવાર** — મોટી ખાવડી - જામનગર
ગ્લેમોર બાથરૂમ સેટ

૪૬ **માતુશ્રી પુષ્પાબેન ભવાનજી ખોના પરિવાર** — મોટી ખાવડી - જામનગર
કૉફી ફ્લાસ્ક (થર્મોસ)

૪૭ **માતુશ્રી ગોમાબાઈ હેમરાજ લોડાયા પરિવાર** — મોટી ખાવડી - ઘાટકોપર
**હ. કિંજલ બ્યુટીપાર્લર**
એલીફન્ટ બ્રાન્ડ શેતરંજી

૪૮ **માતુશ્રી સોનબાઈ જેઠાલાલ લાપસીયા પરિવાર** — દલતુંગી - મુલુંડ
મેલેમાઈન ડીનર સેટ

૪૯ **માતુશ્રી સોનબાઈ દામજી માલદે પરિવાર** — દલતુંગી - ઘાટકોપર
ઑલ સિજન બ્લૅન્કેટ

૫૦ **શ્રી યોગેશભાઈ સોમચંદ કુરૂવા** — ગોધરા - કામોઠે
હૉટ ટિફીન

૫૧ **કચ્છી માલુ વૉટસએપ ગ્રુપ - હસ્તે પ્રજ્ઞેશ નાગડા** — નલીયા - ડોંબિવલી
બે નંગ સેટ કોલ્ડ બૉટલ, ૧ નંગ હૉટ ટિફિન,
૧ નંગ મારૂતી સેવ મેકર, ૧ ડઝન કપડાના હેંગર,

૫૨ **શા. દેવજી કુંવરજી ગોસર** — બાયઠ - ડોંબિવલી
માનસી ઑઈલ પુરર સ્લીમ બૉટલ

૫૩ **શ્રી હિરેન સોમચંદ ધુલ્લા - હ. શ્રી મહાકાલીમાં ટ્રાવેલ્સ** — સુથરી - ડોંબિવલી
કિચન વેઅર બાઉલ સેટ ૩ પીસ

૫૪ **શ્રી લલિત નરશી પીર** — સુથરી - ટિટવાલા
બેંગલ બોક્ષ

૫૫ **શ્રી જીતેન્દ્ર હંસરાજ લોડાયા** — વરાડીયા - ડોંબિવલી
સ્લાઈસર ડાઈસર, નેનો હૉટ કીટલી, ઓસ્કાર મસાલા કન્ટેનર

૫૬ **શ્રીમતી મધુબેન હીરેનભાઈ દંડ પરિવાર** — ભરૂડીયા - ઘાટકોપર
પ્લેટીનમ લોક ઍન્ડ કટ

૫૭ **માતુશ્રી નેણબાઈ હીરજી લોડાયા** — સુથરી - ડોંબિવલી
ફોટોફ્રેમ

૫૮ **એક સદ્‌ગૃહસ્થ તરફથી** — -
સોગો ગ્લાસવેર, ડીઝાઈનર કપ રકાબી સેટ

૫૯ **માતુશ્રી લક્ષ્મીબાઈ રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર** — સુથરી - મુલુંડ
૧ નંગ જ્યુસર

૬૦ **શ્રી ભાવિનભાઈ ઠક્કર** — -
૧ નંગ જ્યુટ બેગ

૬૧ **શ્રી ઉત્તમભાઈ કલ્યાણજી ખોના** — કોઠારા - સાંગલી
મહેંદી રસમના દાતાશ્રી

૬૨ **જયશ્રીબેન ઉત્તમભાઈ લોડાયા** — મોટી ખાવડી - ઘાટકોપર
**જયશ્રીબેન ગોવિંદજી લોડાયા** — બાયઠ
બ્રાઈડલ મેકઅપ અને મહેંદીના દાતાશ્રી

૬૩ **જયશ્રીબેન ગોવિંદજી લોડાયા** — બાયઠ
**દર્શનાબેન ઉદીત ધરમશી** — સુથરી
**હીરલબેન મિથુન જીવાણી** — જખૌ
**જયશ્રીબેન ઉત્તમ લોડાયા** — મોટી ખાવડી
**ડીંપલભાઈ મહેન્દ્ર મૈશેરી** — જખૌ
કન્યાઓને મહેંદી મૂકી આપનાર

૬૪ **એક સદ્‌ગૃહસ્થ તરફથી** — મુલુંડ
ડ્રાયફ્રુટ, ચૉકલેટ

૬૫ **શ્રી નરેન્દ્ર ચંદુલાલ માલદે** — દલતુંગી
૫ સ્ટીલના બેડા સેટ

૬૬ **શ્રી દિનેશ રામજી લોડાયા** — સાંધવ
પેન્ટપીસ, શર્ટપીસ, પાંચ સેટ

૬૭ **માતુશ્રી નેણબાઈ ધારશી નાગડા** — લાલા - વજેશ્વરી
**હસ્તે શ્રી પ્રવીણભાઈ**
૫ નંગ થર્મોશ

૬૮ **શ્રી કિર્તીકુમાર વિસનજી લોડાયા** — મોટી ખાવડી - નાંદેડ
૫ નંગ હેન્ડબેગ

૬૯ **શ્રી રાજેશ રાયચંદ જીવાણી** — જખૌ
૫ નંગ રોટલીના ડબા

૭૦ **શ્રી ચંદુલાલ શીવજી નાગડા** — લાલા
**હસ્તે શ્રી કીરીટભાઈ નાગડા** — ખીરકીયા
૫ નંગ ૨૦ ગ્રામ ચાંદીના સિકા

૭૧ **એક સદ્‌ગૃહસ્થ તરફથી** — -
કુલ કેગ જગ

|| નમામિ જ્ઞાતિ મૈયૈ ||

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન

૨૬ અને ૨૭ મે ૨૦૧૭, સવાર થી સાંજ સુધી

### લીડરશીપ ડેવલપમેન્ટ વર્કશૉપ (સેમીનાર) લોનાવાલા

ખાતે, તમામ મહાજનોના પ્રમુખશ્રી, મંત્રીઓ, યુવા વિભાગ પ્રમુખ કે આગેવાન, મહિલા વિભાગ પ્રમુખ કે આગેવાનશ્રીઓ મળી કુલ (૪) ચાર વ્યક્તિઓને તેમજ સમસ્તની મહાસમિતીના સભ્યોને અવશ્ય પધારવા ટીકીટોની સુગમતા હેતુ આ આગોતરો નોંતરો પાઠવેલ છે.

સેક્રેટરી જનરલ : **ચીમન મોતા - 093222 20708**

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

|| શ્રી ચામુંડા માયે નમઃ ||
|| શ્રી આશાપુરા માયે નમઃ || || શ્રી સચ્ચાઈ માયે નમઃ ||

## કોઠારા સ્થાને નમતા ''મૈશરી કુળ રખવાલા'' ચામુંડા માઁ ની નવમી પહેડી

અંતરના ઉમંગે સાથે સૌ મૈશેરી પરિવાર સહ નિયાણી બહેનોના પરિવારજનોને જણાવવાનું કે આ વર્ષની '૯'મી પહેડીનો લાભ કચ્છ મોટી સિંધોડીના

**માતુશ્રી ચંપાબાઈ લાલજી મૈશેરી**
**માતુશ્રી રતનબાઈ રાઘવજી મૈશેરી**
**માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી મૈશેરી**

પરિવારે લીધેલ છે.

**પહેડી દિન :**

મંગળવાર તા. ૨૮-૩-૨૦૧૭ (ગુડીપડવા)

**સમય :** સવારના ૯.૦૦ થી ૨.૦૦ કલાકે

**સ્થળ :**

આઈરીશ બેંક્વેટ, પુરસોત્તમ ખેરાજ એસ્ટેટ, ડૉ. આર.પી. રોડ, મુલુંડ (વે.), મુંબઈ-૪૦૦ ૦૮૦.

**કાર્યક્રમની રૂપરેખા**

| | |
|---|---|
| વરઘોડો | : ૯.૩૦ કલાકે |
| માતાજીની સ્થાપના | : ૧૦.૦૦ કલાકે |
| પ્રસાદ (થાળ) | : ૧૧.૦૦ કલાકે |
| આરતી | : ૧૨.૦૦ કલાકે |

ભક્તિરસની રમઝટ :
**ચેતના હરીચા** અને **સાથી કલાકારો**

ચાલુ વરસે પરિવારમાંથી કોઈએ વિશિષ્ટ પદ કે સિધ્ધી પ્રાપ્ત કરી હોય, શ્રેષ્ઠ ડીગ્રી ધારક થયા હો તો અમોને લિખીતમાં જાણ કરશોજી.

**સૌ પરિવાર જનો સાથે નિયાણી બહેનો સહ પરિવારે પધારી આભારી કરશોજી.**

સંપર્ક : ભરતભાઈ - 09323953637
લહેરચંદભાઈ - 09156465151

**લી. ચામુંડા માઁ પહેડી પ્રસાદ કમીટી તથા લાભાર્થી પરિવારો**

## મહિલા દિન વિશેષ : નારી તું નારાયણી – શ્રીમતી પુષ્પાબેન વી. વોરા, જામનગર






ઈશ્વરનું સૌથી શ્રેષ્ઠ સર્જન નારી જ છે. સુંદર રૂપ આપી ઈશ્વરે નારીને ખુબ જ માનપ્રદ બનાવી છે. **યત્ર નાર્યસ્તુ પૂજાયન્તે, રમન્તે તત્ર દેવતાઃ ।**

કવિવર ટાગોરના મતે તો નારીમાં રહેલી મમતા, વાત્સલ્ય, પ્રેમ કરૂણાની અમૃત ધારાઓ સંસારની અમૃત ધારા વહાવે છે.

નારી (સ્ત્રી) અને નર (પુરૂષ) બંને મનુષ્ય જાતિના સમાન અંગ હોવાને નાતે સરખા અધિકારી છે. છતાં નારીનું સ્થાન અમુક દેશોમાં પ્રદેશોમાં સિમીત રાખવામાં આવ્યું છે.

પ્રાચિન સમયમાં નારીને સન્માનિત કરવામાં આવતી. જેમ કે અપોલા, ગાર્ગી વગેરે ઋષિ-પત્નિઓ પુરૂષનો સામે વિવાદ અને વિમર્શો કરતી. માતા જીજાબાઈ, ઉર્મિલા, સાવિત્રી, લક્ષ્મીબાઈ, ઝાંસીની રાણી તો નરથી પણ ચઢિયાતી નીકળી નારાયણી થઈ દેશ માટે બલિદાન આપનાર રણચંડી બનેલી.

નારી તારા અનેક રૂપો છે. ક્યારેક તે માતાના રૂપમાં, પત્નીનાં રૂપમાં, બહેનનાં રૂપમાં અને મિત્રના કે સખીનાં રૂપમાં રંગાઈ જતી ભાવભીની (મૂર્તિ) સજીવ-સાક્ષાત લક્ષ્મી હોય છે. તે સાસુનાં પાત્રમાં પણ છે. પુત્રી અવસ્થામાં જવાબદારીનું ભાન નથી હોતું. પણ પત્ની કે માતા બન્યા પછી તે જવાબદારીથી ભરપૂર થઈ જાય છે.

નારી વગર નર શોભતો જ નથી. નારી એ લક્ષ્મીનો અવતાર છે. તેથી જ કવિઓ એ ગાયું છે કે દીકરી મારી લક્ષ્મીનો અવતાર....

દીકરી મારી લાડકવાયી, લક્ષ્મીનો અવતાર..... વાયરાઓ ધીરે ચાલજો..... નારી ગૃહની લક્ષ્મી..... ગૃહશોભા છે. નારી માટે એટલે જ કહેવાયું છે કે ગૃહિણી ગૃહ મુચ્યતે.... ગૃહણી વગરનું ઘર, ઘરના કહેવાય.... ઘરને મંદિર બનાવનાર નારી જ છે.

નારીને નિર્ણાયક નહીં પણ હા, નારાયણી બનતા જરૂર આવડતું હોય છે. હા, તે ઘરની નાણામંત્રીની ફરજ પણ સરસ નિભાવી જાણે છે.

આજે તો સરકારે ખુબ જ સરસ નારીમાં સંરક્ષણનાં કાયદાઓ બનાવી નારીનો સમાજમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરાવ્યું છે.

સમાજમાં થતાં અન્યાયો સામે તે નારી હવે નારાયણી પણ બની શકે.

### લગ્ન સંબંધી

ગૌરવર્ણી, ૧૯૮૮ બોર્ન, ૫'૨'', બીઈ(કૉમ), મલ્ટીનેશનલ કંપનીમાં સર્વિસ કરતી કન્યા માટે યોગ્ય પાત્ર આવકાર્ય છે. સંપર્ક : **09765536974**

**સુધારીને વાચવું :** પ્રકાશ સમીક્ષાના અંક નં. ૧૦મા કુલપાકજી-મેડચલ તીર્થના યાત્રીઓ માટે ઉપયોગી સેવા વિશેના ઝુકી તો જવાય ને ! ના લેખક **મુલજી માણેકજી શાહ**, ચેમ્બુર છે.


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે

Since 1982...
**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

''અનંત સિધ્ધી'' ભાંડુપ
''શ્રી નરસી નાથા સભાગૃહ'' બેન્કવેટ હૉલ

મોનોપોલી, બુકીંગ, કેટરીંગ
તથા ડેકોરેશન માટે

ફક્ત

ANOKHEE
CATERING & DECORATION

સંપર્ક : અશોક શામજી ખોના
મો. 093210 10180
ઑફીસ : 022 -2595 9761

આપની વાડીમાં પ્રસંગ અનુરૂપ શ્રેષ્ઠ કેટરીંગ કરી આપીશું.

નોંધ : આમાં કોઈ ભાગીદાર નથી.

તેટલી હિંમતવાન બની છે. સમાજનાં કુરિવાજો સામે બંડ પોકારવા તે હવે કચ્છી ભાષામાં કહીએ તો પટમાં (મેદાનમાં) આપી છે.

સરકારના સહયોગથી - રક્ષણ મળતું હોવાથી તે હવે સ્વંતત્રતાથી હરી ભરી રહી શકે છે. હમણાં જ કાલના જ ગુડ ન્યુજ છે કે સરકારે નારીને બધી જ સંરક્ષણ ના નંબર આપેલા છે. જેથી તે નારાયણી બની શકે.

જેવા કે મહિલા ને કોઈ હેરાન કરતું હોય તો ૧૦૧૯ નંબર ઉપર ફોન કરવાથી તેમજ ઓટોરીક્ષા તરફથી નારી કે દીકરીને હેરાન ગતિ થતી હોય તો... ટ્રાફીક પોલીસનો નંબર ૧૦૯૫ કરવાથી તે સુરક્ષિત રહી શકશે.

કન્યા વિદ્યાલય તથા નારી કેન્દ્રોમાં સુરક્ષા માટે કરાટે કેન્દ્રો પણ નારીને દુષણોથી બચાવી શકશે. કરાટેથી તે ગુંડા તત્વા સામે નારાયણી બની ગુંડાઓના ખાત્મો બોલાવી શકશે. આમ નારી શક્તિને બહાર લાવવાની બધી જ જોગવાઈ થઈ રહી છે. આધા ભારત નારીએ ભરા હૈ ફીર ભી વો બેચારી હૈ ।

આ બાબત હજું ઘણાં પછાત ગામડાંઓમાં જોવા મળે છે. રાજસ્થાન આ બાબત મોખરે છે. બિહારમાં પણ નારીનું શોષણ, અત્યાચાર વધારે છે. પણ હવે નારીને ગઠ બંધનો દ્વારા નારી કેન્દ્રો તથા મહિલા મંડળો દ્વારા શિક્ષણ આપવાનું કાર્ય સક્રિય હોવાથી આ વાક્ય ખોટું પાડવાનું શક્ય બનવશે.

નારીની ભૂમિકા અધરી છે. નારી એ સહન શીલતાની મૂર્તિ છે. નારી નાણાકીય રીતે પણ ઘરની વ્યવસ્થા બરાબર જાળવવા સક્ષમ છે. એક દીકરી તરીકેથી માંડીને પત્ની, માતા તથા સાસુ કે સમાજ સુધારક તરીકે બધા જ આ સંસારરૂપી નાટકમાં પાત્ર ભજવવામાં અજોડ છે. માટે જ કહ્યું છે ને કે....
નારીને નીંદશો નહીં, નારીથી નર ઉપજે, પ્રહલાદ્, લક્ષ્મણ, રામ નારી નરની ખાણ, નારીએ મમતાની મૂર્તિ જનનીની જોડે સખી નહીં મળે રે લોલ.

લજ્જા-શરમ અને પવિત્રતા, પતિ-પ્રેમ અને સહન શીલતાની મૂર્તિ નારી.... વિફેર તો કે તેને રંજાડવામાં આવે તો તે.... રણચંડી દુર્ગા, ચાંમૂડા પણ બની શકે છે.... રખવાળી પણ નારી જ બની શકે છે.

સાંપ્રત સમાજમાં નારીનું સ્થાન ખુબ જ આવગું છે. આગવું છે. રાજકારણમાં જોઈએ તો વિપક્ષો સામે ત્રાડ નાંખતી સિંહણ બનતી નારીઓ જેવી કે સ્મૃતિ ઈરાની, માયાવતી, મમતા બેનરજી, હા. સોનિયાજી પણ તે ભલે પરદેશી નારી છે, પણ જુસ્સો બતાવવા તો વાંચીને પણ નારાયણી બનતી જોવા મળે છે.

અનુસંધાન પાના નં. ૨૦મા પાને


# ભાવભર્યું આમંત્રણ

**દલતુંગી-રંગપુર ગામના લાપશિયા પરિવારના લાપશિયા બંધુ મંડળ દ્વારા આયોજીત**



જય શ્રી મોમાઈ માઁ

**શ્રી મોમાઈ માતાજીની પુર્ન પ્રાણપ્રતિષ્ઠા**
**અતિથિગૃહ સંકુલનુ ઉદ્‌ઘાટન**
**માતાજીની ૨૩ મી પહેડી તથા સ્નેહમીલન - ત્રિહાન્કિ મહોત્સવ**
નુ આયોજન તા. ૬ થી ૮ મે ૨૦૧૭ ના રોજ દલતુંગી મુકામે રાખવામાં આવેલ છે
તો આપ સર્વે પરિવારજનો - બહેન દિકરીઓ તથા નિયાણી
અને આમંત્રિત મહેમાનોને સહકુટુંબ આ અવસરે પધારવા હાર્દિક આમંત્રણ.

**લાભાર્થી પરિવાર**

**માતાજીની પુર્ન પ્રાણ પ્રતિષ્ઠા ના લાભાર્થી**
માતુશ્રી હીરાવંતીબેન નવીનચંદ્ર નથુભાઇ લાપશિયા • માતુશ્રી હીનાબેન રમેશ નથુભાઇ લાપશિયા

**૨૩ મી પહેડી તથા સ્નેહ મીલન ના લાભાર્થી**
માતુશ્રી હીરાવંતી નવીનચંદ્ર નથુભાઇ લાપશિયા સહ પરિવાર
હસ્તે : જયશ્રી વિપુલ લાપશિયા, પ્રિતી હિરેન લાપશિયા, દક્ષા નિમેષ લાપશિયા

**અતિથીગૃહ રૂમના લાભાર્થી**
* માતુશ્રી સોનબાઇ જેઠાલાલ લાપશિયા - પરિવાર * માતુશ્રી સોનબાઇ ભવાનજી લાપશિયા - પરિવાર
* શ્રી ચંદુલાલ પદમશી લાપશિયા - પરિવાર * માતુશ્રી પુષ્પાબેન રમેશ ઠાકરશી લાપશિયા - પરિવાર * શ્રી દેવજી કચરાભાઇ લાપશિયા - પરિવાર

**અતિથિ ગૃહ ના બાઉન્ડરી તથા ગેટના લાભાર્થી**
માતુશ્રી વિજયાબેન ડુંગરશી શામજી લાપશિયા પરિવાર

સહુના હૈયામાં આનંદનો ધબકાર છે. રોમે રોમે ખુશીનો રણકાર છે
શબ્દે શબ્દે ભાવિકોનો એકજ ટહૂંકાર છે. મોમાઇમાં તારા સ્વાગતનો ઇંતેઝાર છે.

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-નલીયા તથા શેઠશ્રી નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ-નલીયા દ્વારા ચઢતાભાવે નલીયા તિર્થેના શ્રી ચંદ્રપ્રભુસ્વામિ જિનાલયે સહિરક શતાબ્દી વર્ષમાં ૧૭૫મી ધ્વજારોહણ પ્રસંગે

# આયોજિત પંચાન્હિકા મહોત્સવની ઝલક

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન નલીયા તથા શેઠશ્રી નરશીનાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ-નલીયા દ્વારા નલીયાના શ્રી ચંદ્રપ્રભસ્વામિ જિનાલયે સહિરક શતાબ્દી વર્ષમાં ૧૭૫મી ધ્વજા નિમિત્તે **પંચાન્હિકા મહોત્સવ**નું આયોજન માગસર વદ ૧૩, સોમવાર તા. ૨૬-૧૨-૨૦૧૬ થી પોષ સુદ ૨ શુક્રવાર તા. ૩૦-૧૨-૨૦૧૬ સુધી અચલગચ્છના વરિષ્ઠોના શુભાશિષ સહ **પ.પૂ. શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા., પ.પૂ. શ્રી પુણ્યોદયસાગરજી મ.સા., પ.પૂ. શ્રી મલયસાગરજી મ.સા., પ.પૂ. શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા., પ.પૂ. શ્રી કંચનસાગરજી મ.સા., પ.પૂ. શ્રી રત્નાકરસાગરજી મ.સા.** તથા **પ.પૂ. સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા.,પ.પૂ. સાધ્વીશ્રી પૂર્ણગુણાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી જયધર્માશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી મુક્તિરત્નાશ્રીજી મ.સા.** પાવન સાનિધ્યે ચઢતાભાવે ઉજવાયો હતો.

ધાર્મિક અનુષ્ઠાનો માટેના આરાધક વિધિકાર નવકાર મહામંત્ર તપસ્વી શ્રી નરેન્દ્રભાઈ નંદુ, જય, મેઘ આદિ વિધિકારોનું માર્ગદર્શન પ્રાપ્ત થયુ હતું.

પંચાન્હિકા મહોત્સવના પ્રથમદિન માગસર વદ ૧૩, સોમવાર તા. ૨૬-૧૨-૨૦૧૬ના કુંભ સ્થાપના, અખંડ દિપક સ્થાપના, જવારા રોપણ, નવગ્રહ પાટલા પૂજન, અષ્ટમંગલ પાટલા પુજન, દશદિકપાલ પાટલા પુજન આદિ પૂર્વ તૈયારીરૂપ અનુષ્ઠાનો થયા હતા.

મહોત્સવના બીજા દિવસ માગસર વદ ૧૪, મંગળવાર તા. ૨૭-૧૨-૨૦૧૬ના પ્રભુજીનો વરઘોડો, મહાપ્રભાવક શ્રી સિધ્ધચક્ર મહાપૂજન, શ્રી કુમારપાળ મહારાજાની શોભાયાત્રા તથા દરબાર આરતી આદિ કાર્યક્રમો યોજાયા હતા.

પંચાન્હિકા મહોત્સવના માગસર વદ અમાસ બુધવારા તા. ૨૮-૧૨-૨૦૧૬ના તૃતીય દિવસે શ્રી ભક્તામર મહાપૂજન તેમજ રાતે પરમાત્માની ભક્તિ સહ શેઠશ્રી મોતીશા વિશેનું ધાર્મિક નાટક ભજવવામાં આવેલ.

પંચાન્હિકા મહોત્સવના પોષ સુદ ૧, ગુરૂવાર તા. ૨૯-૧૨-૨૦૧૬ના ચતુર્થ દિવસે શ્રી સત્તરભેદી પૂજા, ધ્વજારોહણ તથા અનંત લબ્ધિ નિધાન શ્રી ગૌતમસ્વામિ મહાપૂજનનું આયોજન થયું હતું.

**પોષ સુદ ૧ ના દાયકાઓ બાદ ધુવાંબંધ ગામ જમણવાર રાખવામાં આવેલ. આ પ્રસંગે સર્વ જ્ઞાતિના લગભગ ૭૦૦૦ થી ૮૦૦૦ નલીયાવાસીઓ લાભ લઈ ઉત્સાહભેર હાજરી આપી હતી.**

પંચાન્હિકા મહોત્સવના પોષ સુદ ૨ શુક્રવાર તા. ૩૦-૧૨-૨૦૧૬ના પંચમ દિવસે વહેલી સવારે દ્વારોદ્‌ઘાટન અને શુભ મુહુર્તે શ્રી લઘુશાંતિ સ્નાત્રપૂજન વગેરે કાર્યક્રમો થયા હતા.

## મહોત્સવના ચમકારા

### નિયાણીઓનો ચઢતા ભાવે સહયોગ

નલીયા ગામની સર્વે નિયાણી બહેનોએ સહિરક વર્ષના ૧૭૫મી ધ્વજારોહણના પંચાન્હિકા મહોત્સવમાં ચઢતા ભાવે અગ્રેસર ભાગ લીધો હતો તથા નિયાણી બહેનો તરફથી પ્રથમ દિવસની નવકારશી, બપોરની સાધર્મિક ભક્તિ, ચૌવિહાર, જીવદયા આદિ લાભો લેવામાં આવ્યા હતા.

### પ્રભુજીનો અવિસ્મરણીય વરઘોડો

નલીયા એટલે શેઠશ્રી નરશીનાથાનું ગામ એમાંય સહિરક વર્ષમાં ૧૭૫મી ધ્વજારોહણનો પ્રસંગ. એ પ્રસંગે પ્રભુજીનો વરઘોડો અવિસ્મરણીય ન બને તે કેમ ચાલે? આયોજક સંસ્થાઓએ તો શ્રેષ્ઠ આયોજન કર્યું હતું. નલીયા ગામના દેશ-દેશાવરમાં રહેનારા ગામવાસી ઉપરાંત કચ્છમાં રહેતા સૌ જ્ઞાતિજનો અને સૌથી વિશેષ કચ્છી દશા ઓશવાલ વસવાટના ગામે ગામેના આગેવાનો તથા જ્ઞાતિજનોએ જ્ઞાતિ શિરોમણીને હૃદયે ધરી પ્રભુજીના વરઘોડામાં ભાવપૂર્વક સહભાગી થઈ જે અનુપમ દૃશ્ય ખડું કર્યુ તે વર્ષો સુધી સહભાગી થનારા અને સાક્ષી બનનારા પંથકના લોકોની નજર સમક્ષ રહેશે. આ પ્રસંગને દિપાવો બે ગજવર તથા અસંખ્ય બગી - ઢોલ શરણાઈના સથવારે આશરે ૧૫૦૦ જણની હાજરીથી શોભાયાત્રા નીકળી હતી.

પ્રભુજીને રથમાં પધરાવવા તેમના સારથી થવા તથા પ્રભુજીને પોંખવાનો લાભ માતુશ્રી ગુણવંતીબેન દામજી વિશનજી લોડાયા પરિવારે (નલીયા-મુલુંડ) લીધો હતો.

## મહોત્સવના ચમકારા

### નલીયાના જમાઈ શ્રેષ્ઠીવર્ય શ્રી હંસકુમાર ભવાનજી અરજણ ખીમજીએ ખરા અર્થમાં ધન્ના શાલીભદ્રની ભૂમિકા તાદશ્ય કરાવી તથા શેઠ શ્રી નરશી નાથાના બાવલાનું અનાવરણ કર્યું

સર્વ નલીયાવાસીઓના ધન્ના શાલીભદ્રને સાક્ષાત જોવાના ભાવ શાસનદેવીની કૃપાથી સાકાર થયા હોય. શ્રેષ્ઠીવર્યશ્રી હંસકુમાર ભવાનજી અરજણ ખીમજીએ તેમના ધર્મપત્ની શ્રીમતી ભારતીબેનના સ્મરણાર્થે શાલીભદ્રની પેટીના ચઢાવામાં ચઢતાભાવે સહભાગી થઈ નલીયા ગામના ધર્મસ્થાનકે સંસ્થાઓ અને નલીયાવાસીઓના ભંડાર સદાય ભરેલા રહેશે એવો કુદરતી સંકેત આપ્યો.

મહોત્સવના આ શુભ પ્રસંગે નલીયા ગામના શેઠશ્રી નરશીનાથા તથા શેઠાણીશ્રી કુંવરબાઈના આરસપાણના સુંદર બાવલાના અનાવરણ મોટી સંખ્યામાં ઉપસ્થિત લોકોની હાજરીમાં થયો હતો.

### કુમારપાળ મહારાજાની દિવ્યત્તમ શોભાયાત્રા દરબાર અને આરતી

જૈન ઈતિહાસમાં કુમારપાળ રાજા અમુલ્ય છે. તેમણે પોતાના રાજ્યના લોકોનું ધર્માંતરણ કર્યા વગર તેમને જૈન સંસ્કારો પ્રતિ આકર્ષ્યા અને ઈતિહાસમાં ક્યારેય પડાઈ ન હોય તેવી અહિંસા પળાવી. એટલે જ જૈનો પોતાના દરેક ધાર્મિક પ્રસંગોએ કુમારપાળ મહારાજાની શોભાયાત્રા-દરબાર અને આરતી થી એમના યુગને સાક્ષાત્ કરવાનું વિશેષ આયોજન કરે છે.

કચ્છ નલીયાના શ્રી ચંદ્રપ્રભસ્વામિ જિનાલયે સહિરક શતાબ્દી વર્ષ તથા ૧૭૫મી ધ્વજા રોહણ પ્રસંગે શ્રી નરેન્દ્રભાઈ નંદુ અને તેમના સાથીઓ એ પોતાના શબ્દોની શક્તિ વડે કુમારપાળ રાજારૂપે જૈનોના ગૌરવવંતા ઈતિહાસને તાદશ્ય કર્યો.

કુમારપાળ મહારાજાનો પરિવાર થવાનો લાભ માતુશ્રી બાંયાબાઈ શામજી મોતા પરિવાર નલીયા (લોનાવાલા-મુંબઈ), શ્રી નગરશેઠ પરિવાર થવાનો લાભ માતુશ્રી વેજબાઈ સોમચંદ ધારશી નાગડા પરિવાર (નલીયા-ગાંધીધામ) તેમજ શ્રી મંત્રીશ્વર પરિવાર થવાનો લાભ માતુશ્રી સરલાબેન જયચંદ નરશી લોડાયા પરિવાર (નલીયા-ઘાટકોપર) લીધો.

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-નલીયાના સર્વ ટ્રસ્ટી શ્રી મુલચંદ પદમશી મોતા (પ્રમુખ), શ્રી પીનાકીન છેડા (મંત્રી), શ્રી મનોજ લોડાયા (ઉપપ્રમુખ), શ્રી દિનેશ મોમાયા, શ્રી દિલીપ નાગડા, શ્રીમતી હિના લોડાયા, શ્રીમતી માલીની નાગડા, શ્રી મુકેશ દંડ, શ્રી કમલેશ લોડાયા, શ્રી હેમંત મોતા, શ્રીમતી મીના લોડાયા તથા શ્રી મયુર દંડ અને શ્રી જુગલ નાગડા તથા સ્થાનિક ટ્રસ્ટી શ્રી લખમશી મોતા અને શ્રી મહેશ નાગડા ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડના ટ્રસ્ટીઓ શ્રી મોતીચંદ લાલજી ખોના, શ્રી નરેશ મોમાયા, શ્રી વિજય ખોના, શ્રી સમીર નાગડા, શ્રી વિરેન્દ્ર લોડાયા હાજરી આપી પ્રસંગને શોભાવ્યો હતો અને શ્રી કલ્યાણજી છેડા તથા શ્રી પ્રતાપ લાલકા નાદુરસ્ત તબિયતના કારણે હાજરી આપી ન શક્યા.

આ મહોત્સવ પ્રસંગે નલીયા ઉપરાંત દેશવરથી અસંખ્ય મહાનુભાવો હાજરી આપેલ. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈના પ્રમુખ શ્રી કલ્પેશ મોતા તથા શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોના ટ્રસ્ટીગણ, તેરા મહાજન થી શ્રી રમેશભાઈ દંડ અને પ્રવિણભાઈ દંડ, કચ્છ એકમના પ્રમુખ શ્રી મહેશ લાલકા, શ્રી લહેરચંદ ખોના, બેંગલોર મહાજનના પ્રમુખ શ્રી સતીશ શાહ તથા દક્ષિણ ભારત કચ્છી એકમના પ્રમુખ શ્રી ખુશાલચંદ ધરમશી, ઉત્તર ભારત એકમના પ્રમુખ શ્રી ચંદ્રેશ છેડા (રાયપુર), શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપના શ્રી જયેશ જૈન, શ્રી પ્રવિણભાઈ લોડાયા, ગાંધીધામથી શ્રી કુસુમકાન્ત નાગડા, સુથરી મહાજન વતી શ્રી અશોક મોતા, હુબલી મહાજન વતી શ્રી હિરાચંદ દંડ, જખૌ મહાજનના પ્રમુખ શ્રી ભરત જીવાણી તથા મોટી સિંધોડી મહાજનના પ્રમુખ મુકેશ લોડાયા, તિલકભાઈ લોડાયા તથા કવિશ્રી તેજ હાજરી આપી હતી. પુનાથી શ્રેષ્ઠીવર્ય શ્રી તરૂણભાઈ લોડાયા, મુંબઈથી શ્રી શાંતીલાલ નાગડા, શ્રી રીતેન સોનાવાલા, શ્રી લીતેશ ખોના, શ્રી જયંત છેડા, શ્રી સંજય નાગડા આ ઉપરાંત અનેક મહાનુભાવોએ હાજરી આપી મહોત્સવને દિપાવ્યો હતો. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન (નલીયાવાસી) મુંબઈ ચેરીટેબલ ટ્રસ્ટ, ચંદ્રપ્રભુ અતીથીગૃહના સર્વે ટ્રસ્ટીગણ આ પ્રસંગે હાજરી આપી પ્રસંગ દિપાવ્યા હતો.

૧૭૫મી ધ્વજારોહણના પંચાન્હિકા મહોત્સવની આમંત્રણ પત્રિકાના દસ્તક દાતા માતુશ્રી સંઘમાતા સરલાબેન લક્ષ્મીચંદ નાગડા હસ્તે શ્રી સમીર લક્ષ્મીચંદ નાગડાએ લાભ લીધેલ. મહોત્સવ દરમીયાન શ્રી શાંતિલાલ જીવરાજ લખમશી નાગડા (માટુંગા)એ પરિવાર વતી પ્લેટીનમ દાતાની જાહેરાત કરી હતી.

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-નલીયાના પ્રમુખ શ્રી મુલચંદ પદમશી મોતાએ આપેલ સેવા અનુલક્ષીને નલીયા ટ્રસ્ટ બોર્ડ દ્વારા ''નલીયા ગૌરવ''નું બીરૂદ મોમેન્ટો આપવામાં આવ્યું હતું. સમગ્ર મહોત્સવ દરમ્યાન સન્માન તથા સ્મૃતિ ચિન્હના સૌજ્યન દાતા પરિવાર શ્રી પદમશી ઘેલાભાઈ મોતા પરિવારે સર્વે દાતા પરિવારઓનું શાલ તથા માળા - મોમેન્ટો આપી સન્માન કરેલ. તા. ૨૯- ના રાત્રે સંતવાણી અને કચ્છી ડાયરો નો કાર્યક્રમ રાખવામાં આવ્યું હતું જેમાં શ્રી યોગેશ પુરી તથા દેવરાજ ગઢવી નલીયાવાસીને સંગીતમય બનાવેલ. સમગ્ર મહોત્સવમાં ભોજન-ચા-પાણી ની વ્યવસ્થા પ્રતિક કેટરર્સ દ્વારા સારી રીતે પાર પાડવામાં આવેલ. મંડપ તથા લાઈટ-ડેકોરેશનની વ્યવસ્થા શાહ મંડપ (કિરણ મોતા) તરફથી કરવામાં આવી હતી. વિડીયો ફોટાગ્રાફીનું સંચાલન રૂષભ નાગડાએ કર્યું હતું.

# શ્રી કચ્છ નલીયા તિર્થે શ્રી ચંદ્રપ્રભસ્વામિ જિનાલયે સહિરક શતાબ્દી વર્ષે તથા ૧૭૫ મી ધ્વજારોહણ પ્રસંગે પંચાહ્નિકા મહોત્સવની તસ્વીરી ઝલક























## શ્રી કચ્છ નલીયા તિર્થે શ્રી ચંદ્રપ્રભસ્વામિ જિનાલયે સહિરક શતાબ્દી વર્ષે તથા ૧૭૫ મી ધ્વજારોહણ પ્રસંગે પંચાહ્નિકા મહોત્સવની તસ્વીરી ઝલક

















# શ્રી કચ્છ નલીયા તિર્થે શ્રી ચંદ્રપ્રભસ્વામિ જિનાલયે સહિરક શતાબ્દી વર્ષે તથા ૧૭૫ મી ધ્વજારોહણ પ્રસંગે પંચાહ્નિકા મહોત્સવની તસ્વીરી ઝલક















# આદરણીય શેઠશ્રી હંસ ભવાનજી અરજણ ખીમજી (તેરા-માટુંગા)

**પોતાના માટે વપરાય તે પૈસો પરિવાર, સ્વજન, મિત્રો માટે વપરાય તે દાન**
**પણ સમાજ, શિક્ષણ તથા ધર્મ માટે વપરાય તે લક્ષ્મી.**

આપના વડીલોએ કંડારેલી આર્દશોની કેડીએ ચાલી પુરૂષાર્થ અને ભાગ્યોદયે પ્રાપ્ત થયેલ લક્ષ્મીને આપ જ્ઞાતિ, સમાજ અને રાષ્ટ્ર ઉત્થાનમા દાન સ્વરૂપે વહેડાવી રહ્યા છો, તે બદલ અમે હર્ષ અને ગૌરવ અનુભવીએ છીએ.

નલીયા તીર્થે ૧૭૫માં ધ્વજારોહણ પ્રસંગે આપ પધારી ઉદારદિલે વિવિધ ઉછામણીઓ માં **શ્રીમતી ભારતી હંસ ખીમજી**ના સ્મરણાર્થે શાલીભદ્રની પેટીના લાભાર્થી તથા જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા તથા શેઠાણીશ્રી કુંવરબાઈના બાવલા ના અનાવરણનો લાભ લઈ આપની લક્ષ્મીને ધર્મલક્ષ્મી બનાવી ઉત્તમોત્તમ પુણ્ય ઉપાર્જન કરેલ છે. આપના અગણિત સત્કાર્યોની નોંધ લઈ હૃદયપુર્વક અનુમોદના કરતા આપના નિરામય સાર્થક દીર્ઘાયુની પ્રાર્થના કરતા ધન્યતા અનુભવીએ છીએ.

અનુમોદક : **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - નલીયા**
**શેઠશ્રી નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ - નલીયા**













# શ્રી કચ્છ નલીયા તિર્થે શ્રી ચંદ્રપ્રભસ્વામિ જિનાલયે સહિરક શતાબ્દી વર્ષે તથા
# ૧૭૫ મી ધ્વજારોહણ પ્રસંગે પંચાહ્નિકા મહોત્સવની તસ્વીરી ઝલક














# શ્રી કચ્છ નલીયા તિર્થે શ્રી ચંદ્રપ્રભસ્વામિ જિનાલયે સહિરક શતાબ્દી વર્ષે તથા ૧૭૫ મી ધ્વજારોહણ પ્રસંગે પંચાહ્નિકા મહોત્સવની તસ્વીરી ઝલક



















# શ્રી કચ્છ નલીયા તિર્થે શ્રી ચંદ્રપ્રભસ્વામિ જિનાલયે સહિરક શતાબ્દી વર્ષે તથા ૧૭૫ મી ધ્વજારોહણ પ્રસંગે પંચાહ્નિકા મહોત્સવની તસ્વીરી ઝલક



# શ્રી કચ્છ નલીયા તિર્થે શ્રી ચંદ્રપ્રભસ્વામિ જિનાલયે સહિરક શતાબ્દી વર્ષે તથા ૧૭૫ મી ધ્વજારોહણ પ્રસંગે પંચાહ્નિકા મહોત્સવની તસ્વીરી ઝલક























આ અંકમાં પ્રગટ થયેલ નલીયા તિર્થના શ્રી ચંદ્રપ્રભસ્વામી જિનાલય
સહિરક શતાબ્દિ વર્ષ ૧૭૫મી ધ્વજારોહણ મહોત્સવના
**અહેવાલ તથા તસ્વીરી ઝલકના રંગીન પૃષ્ઠોનું સૌજન્ય**
**શા. રતનશી ખેતશી ભાણજી નાગડા પરિવાર (નલીયા)**
**શા. ઉમરશી ખેતશી ભાણજી નાગડા પરિવાર (નલીયા)**

## પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા આયોજીત ''મસાલા મેલા''

પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા દર વરસની જેમ આ વરસે પણ મસાલા મેલાનું આયોજન કરવામાં આવ્યું છે. મસાલા, શરબત, સુકવણી, મુખવાસ જેવી વસ્તુઓ ઘરેથી બનાવતી બહેનોને વિના મૂલ્ય વહેલો તો પહેલોના ધોરણે યોગ્યતા મુજબ સ્ટોલ આપવામાં આવશે.

ભાગ લેવા ઈચ્છુક બહેનોએ સમયસર નીચે જણાવેલ.

સભ્યો પાસે નામ નોંધાવવા વિનંતી. પારૂલ મોતા - 09322280529, પુષ્પા ખોના - 09322262521, મીના શાહ - 09820566306. સ્થળ : પરમ કેશવ બાગ, ઘાટકોપર (વેસ્ટ), તારીખ : ૨૭/૨૮ માર્ચ ૨૦૧૭, સમય : ૧૦ થી ૭.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટિસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટિસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676


## શ્રી અનંતછાયા જીવીસી સંઘમાં ખુશખબરી
## પૂ. ચારૂપ્રજ્ઞા શ્રીજી મ.સા.ના સાંનિધ્યે
## ✳ આયંબિલની ઓળી ✳

અચલગચ્છાધિપતિ સુવર્ણ વર્ષીતપના આરાધક **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના આજ્ઞાવર્તીની **પ.પૂ. ચારૂલતાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ. ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ. અનંતયશાશ્રીજી મ.સા.** આદિ ઠાણાની શુભનિશ્રામાં **તા. ૨-૪-૨૦૧૭ થી તા. ૧૦-૪-૨૦૧૭ સુધી ચૈત્ર માસની આયંબીલની ઓળી** ઉજવવામાં આવશે. સર્વે જીવીસી જૈન સંઘના આરાધકો તારીખો આજેજ નોંધીને અદ્વિતિય આરાધના કરવા જરૂરથી પધારજો.

**ચૈત્ર માસની ઓળીનાં દાતા**

**શ્રીમતી જ્યોતિબેન શ્રેણીક મોમાયા (સાંયરા)**

**આ વર્ષની આયંબિલ - વ્યાખ્યાન આરાધનામાં સર્વેને પધારવા ભાવભર્યું આમંત્રણ.**

**લી. શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન વતી**
**પ્રમુખશ્રી : સમીર લક્ષ્મીચંદ નાગડા**

UPASANA-9820167767

## શ્રી અચલગચ્છ જૈન સંઘ - ડોંબિવલી
## કોપર રોડ જમીન દાન યોજના લકી ડ્રો

**પ.પૂ. આચાર્ય ભગવંત**
**શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**
ની પ્રેરણાથી
**કોપર રોડ જમીન દાન યોજના** માં
જે ભાગ્યશાળીઓએ **કુપન યોજના**માં
લાભ લીધેલ છે.
તેઓ એ પોતાનું નામ તથા નંબર
**શ્રી સંઘની પેઢી, શ્રી સુવિધિનાથ જિનાલય, માનપાડા રોડ, ડોંબિવલી (ઈસ્ટ)**
મધે **સવારના ૧૦.૩૦ થી ૧૨ દરમ્યાન**
**તા. ૧૯-૩-૨૦૧૭** સુધી ચકાસી લેવા વિનંતી.
લી. **શ્રી અચલગચ્છ જૈન સંઘ (ડોંબિવલી) વતી**
**માનંદ્ મંત્રી**

## સાંયરા નગરે ચૈત્ર માસની શાશ્વતી ઓળીના વધામણાં

**શ્રી આદિનાથ દાદાની છત્રછાયામાં ચૈત્ર માસની શાશ્વતી ઓળી, ચૈત્ર સુદ-૭, રવિવાર તા. ૨-૪-૧૭ થી ચૈત્ર સુદ પુનમ, સોમવાર તા. ૧૦-૪-૧૭ સાંયરા નગરે ઉજવાશે.** સાંયરાવાસી અને નિયાણી બહેનાને ચૈત્રીમાસની ઓળીના ઉજવણી પ્રસંગે આયંબિલની આરાધના કરવા સાંયરા મહાજન તરફથી ભાવભર્યું આમંત્રણ છે. મુંબઈ-દેશાવર થી આયંબિલની ઓળીની આરાધના માટે પધારનાર ભાવિકોને ટિકીટ પેટે રૂા. ૧,૦૦૦/- આપવામાં આવશે.

**ચૈત્ર માસની ઓળીનો આયંબિલનો ૧ દિવસનો નકરો રૂા. ૩,૫૦૦/- છે.** આયંબિલ ઓળીના દાતાશ્રી બનવાનો અમુલ્ય લાભ લેવા નમ્ર વિનંતી છે. સંર્પક : ધાર્મિક સમિતિ - શ્રી રતિલાલ ધ્રોળ મો.: **098208 65806**

સર્વ સાંયરાવાસી અને નિયાણી બહેનોને તિર્થંકર **શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણકની ભવ્ય ઉજવણી ચૈત્ર સુદ-૧૩, શનિવાર તા. ૮-૪-૧૭**ના સાંયરા નગરે પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

**શ્રી ક.દ.ઓ. જૈન સાંયરા મહાજન**
**ધાર્મિક સમિતિના જયજિનેન્દ્ર !**

ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ
ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) ● કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

**નારી તું નારાયણી** ૮મા પાનાથી ચાલુ

ભારતની નારીઓમાં એરહોસ્ટેસ, બનવાની પણ તાકાત છે. પોલીસ અફસર, પાયલોટ તેમજ ગૃહમંત્રી, મુખ્યમંત્રી તથા ઈન્દીરાગાંધી જેવી પ્રધાનમંત્રી પણ બનવાની તાકાત તો નારીની ગળથૂંથીમાં છે - કહ્યું પડશે જ !

ભારતનો ઈતિહાસ જોઈએ તો ગૌરવવંતો બનાવનાર તથા સપૂતોને જન્મ આપનાર નારી જ છે. ગુલામીની બેડીઓને તોડી અને સ્વાતંત્ર્ય સંગ્રામમાં યા હોમ કરીને પડેલી નારાઓમાંથી પ્રેરણા લેવા જેવી છે.

ઈતિહાસ આજે સાક્ષી છે કે સમાજ સધારણા ક્રાંતિકારી વિચારધારા, શિક્ષણ, વિજ્ઞાન, ધર્મ તથા વિવિધ ક્ષેત્રમાં પુરૂષોના પગલાં દબાવતી નારી. વંદનીય જ રહી છે.

આપણી આજાદીમાં મહાત્મા ગાંધીને જે જશ મળે છે તે પુરૂષની સફળતા પાછળ તેનાં ધર્મપત્ની કસ્તુરબા ગાંધીનો જ સૌથી મોટો ફાળો છે. આ સન્નારીએ તો મહિલાઓને જાગૃત કરી, નવજીવન અર્પણ કરેલ ઉપસંહાર :

**નારી તું નારાયણી બન**

નારી ગોળથી પણ ગળી અને સાકરથી પણ સવાઈ બની શકે છે. પણ... જ્યારે તેને વખોડવામાં આપે ત્યારે તે નારાયણી બની રણમાં રાક્ષસોને રોખ્યા રામે તેમ મારી શકે છે.

|| શ્રી સચ્ચાઈ માતાય નમઃ || || શ્રી મોમાઈ માતાય નમઃ ||
આદ્યશક્તિ ટ્રાવેલ્સ ઘરના સભ્ય જેવા ડ્રાયવરો
ગાંધીધામ - કચ્છમાં એ.સી. કાર, નૉન એ.સી. કાર
ઈંડીકા / ઈંડીગો / સ્વીફ્ટ /તવેરા / તુફાન
સંપર્કઃ શ્રી નરેન્દ્ર મણીલાલ શાહ (દંડ), બાયઠવાળા
099798 55686

|| જય શ્રી સચ્ચાઈ માંયે નમઃ ||

## ખોના કુળ ગોત્રનાં શ્રી સચ્ચાઈ માં નું સ્થાનક
## ખોના ફલિયા, નલીયા - કચ્છ

**ખોના ફલિયા, નલીયા ખાતેના શ્રી સચ્ચાઈમાંના સ્થાનકે સમુહ પહેડી પ્રસાદ તા. ૦૧-૦૭-૨૦૧૭ શનિવાર, અષાઢ સુદ - ૬ આઠમનાં રાખવામાં આવેલ છે.**

**પહેડી પ્રસાદનો લાભ લેવા સૌ નમતા ભાવિકોને સ્થાનકે પધારવા વિનંતી છે.**

**પધારનાર ભાવિકોએ નીચે લખેલ ભાવિકોનો સંપર્ક કરવો.**

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | અમીત જેઠાલાલ ખોના | ડોંબિવલી | - | 09321705511 |
| ૨. | ફાલ્ગુન લખમશી ખોના | ભાંડુપ | - | 09820620499 |
| ૩. | લીતેશ હીરાચંદ ખોના | ડોંબિવલી | - | 09619493472 |
| ૪. | ચેતન માણેકચંદ્ર ખોના | ગોરેગાંવ | - | 09324461894 |
| ૫. | ચીમનલાલ હીરજી ખોના | માટુંગા | - | 09821069255 |
| ૬. | લલીત કુંવરજી ખોના (માતાજીના ભુવા) | ડોંબિવલી | - | 09920403950 |

# નિર્દોષ છોકરી

- આશા વીરેન્દ્ર

ધડ-ધડ, ધડ-ધડ કરતી ટ્રેન એકધારી ગતિએ દોડી રહી હતી. આવતી કાલે મારે પેપર તપાસીને શાળામાં આપી દેવાનાં હતાં એટલે ઊંધું ઘાલીને હું મારું કામ કરતી હતી. સામેની બર્થ પર ચાર-પાંચ મિત્રોએ પાનાની રમત જમાવી હતી. રમતની સાથે એમના ઠઠ્ઠામશ્કરી અને વચ્ચે વચ્ચે બોલાતી ગાળો કાને અથડાયા તો કરતી હતી પણ હું કામમાં એવી મશગૂલ હતી કે મારું એ તરફ ખાસ ધ્યાન નહોતું. એકાએક ચિચિયારી સાથે ટ્રેન ઊભી રહી તે સાથે જ મારી એકાગ્રતા તૂટી. 'શું થયું ?'... 'કોઈ સ્ટેશન તો આવ્યું લાગતું નથી, તો પછી ટ્રેન કેમ ઊભી રહી ?'... 'ચેઈન પુલિંગ થયું ?'.... જાતજાતના સવાલો પ્રવાસીઓ અંદરોઅંદર એકબીજાને કરી રહ્યા હતા. જોકે, એના જવાબ તો કોઈ પાસે નહોતા.




શરૂઆતમાં તો 'પાનામંડળી' પર બદલાયેલી પરિસ્થિતિની કોઈ અસર વરતાતી નહોતી. જામેલી રમતની લિજ્જત બધા રમતવીરો માણી રહ્યા હતા. પણ જેમ જેમ સમય વધતો ગયો એમ એમને અટકેલી ટ્રેનનો ખ્યાલ આવ્યો : 'સાલા, યે ટીરેન કાયકુ ઈધર બીચમેં ખડા રયલા હય ? મામલા કુછ ગડબડ લગ રીયેલા હય....' ટોળામાંના એકે જરા અકળામણ દર્શાવી. પણ વીસેક મિનિટ સુધી ટ્રેને ચસકવાનું નામ ન લીધું ત્યારે ડબ્બામાંનો પુરુષવર્ગ એક એક કરીને નીચે ઉતર્યો. થોડી વારમાં એક એક કરતા પાછા ફર્યા. આવીને સૌએ પોતપોતે મેળવેલી બાતમી વિનામૂલ્યે જનસામાન્ય માટે ખુલ્લી મૂકી.

'એક્સિડેન્ટ ઝાલા, એક્સિડેન્ટ...'

'અરે, એને એક્સિડન્ટ થોડો કહેવાય ? આપઘાતનો ચોખ્ખો કેસ છે, આપઘાતનો...'

'જવાન લડકી હૈ, કોઈ બોલા મેરેકુ. ગાડી કે નીચે આકે સુસાઈડ કિયા.'

'સાલ્લી, પેટસે હોગી, ઓર ક્યા ? પાપ કરે ફિર....'

'ચૂ....પ, ખબરદાર જો કોઈ એક અક્ષર પણ આગળ બોલ્યું છે તો ! કોઈની બેન-દીકરી માટે જેમતેમ બોલતાં પહેલાં જરા વિચાર તો કરો. તમારામાંથી કોને ખબર છે કે, ખરેખર એણે આપઘાત જ કર્યો છે ? ને કર્યો છે તો કયા કારણે ? બની શકે કે, એ સાવ નિર્દોષ હોય. બની શકે કે એ ટ્રેનની અડફેટે આવી ગઈ હોય. પણ તમને તો બસ, સ્ત્રીની વાત આવી નથી કે તમને પાપ દેખાયું નથી. તમે પુરુષો બધા દૂધે ધોયેલા છો ?' મારો આક્રોશ જ્વાળામુખીની જેમ ફાટ્યો. કંપાર્ટમેન્ટમાં બેઠેલા સૌ એની લપેટમાં આવી ગયા. જેને મારી વાતનો વિરોધ કરવો હતો (ખાસ કરીને પેલી પાનાપાર્ટીના સભ્યો) તેઓ અંદરઅંદર ગણગણ કરવા લાગ્યા. તો જેમને વાત સાચી લાગી તેઓ ખુલ્લં-ખુલ્લા મને ટેકો આપવા લાગ્યા.

'આપકી બાત બિલકુલ સહી હૈ બહેનજી, પતા નહીં બેચારી કી ક્યા મજબુરી હોગી ઔર હમ બિના સોચે સમજે કુછ ભી બોલ દે....'

'બેન, તારામાં તો જબરી હિંમત હોં, બાકી કે'વું પડે ! તમે ભણેલા-ગણેલા લોકને, એટલે ! અમારા જેવાથી તો મરદ લોકો સામે આટલું બોલાય નહીં ખરેખર હં!' પણ મને આ માન-અપમાન જરાય સ્પર્શતાં નહોતાં. એક યુવતીના અકસ્માત મૃત્યુએ

*ખુશ્બૂમાં ખીલેલાં ફૂલ હતાં, ઊર્મિમાં ડૂબેલાં જામ હતાં, શું આંસુનો ભૂતકાળ હતો - શું આસુંનાં પણ નામ હતાં ?*
*થોડાક ખુલાસા કરવા'તા થોડીક શિકાયત કરવી'તી, ઓ મોત જરા રોકાઈ જતે, બેચાર મને પણ કામ હતાં.*

મને હલાવી નાખી હતી. મરણ પામેલી છોકરીને મેં ન જોઈ હોવા છતાં હું એની સાથે અનુસંધાન અનુભવતી હતી. એને માટે કોઈ એલફેલ વાત કરે એ મારાથી સહન નહોતું થતું. સફેદ ચાદરની નીચે ઢંકાયેલા ચહેરાની હું અદલો-અદલ કલ્પના કરી શકતી હતી. જોકે, એમાં કલ્પના કરવા જેવું કશું નહોતું. કેમ કે, શોભા ક્ષણમાત્ર પણ મારાથી અળગી નહોતી થઈ, મારી સાથે ને સાથે જ રહી હતી. જે ભુલાયું હોય એને યાદ કરવું પડે, શોભા તો હતી મારી જોડાજોડ, મારી પડખોપડખ.

મારાથી ત્રણેક વર્ષ મોટી મારી સહોદર - શોભા. એના નામ મુજબ જ ઘરની શોભારૂપ. હસતી, હસાવતી, મજાક-મસ્તી કરતી, કોઈના હાથમાંથી આંચકી લઈને ધરાર સામા માણસનું કામ કરી આપતી શોભા. શોભાના હોવાથી ઘર ભર્યું-ભર્યું લાગતું. માને આ મોટી દીકરીનો ઘરનાં નાનાં-મોટાં દરેક કામમાં ટેકો રહેતો તો એની નોકરીની આવક પિતાની ટૂંકી આવકને થોડી લાંબી કરી આપતી. મારે માટે તો ફક્ત ત્રણ જ વર્ષ મોટી આ બહેન જાણે મારી મા જ હતી. મારા નાનામાં નાની જરૂરિયાતનું એ એવી રીતે ધ્યાન રાખતી કે જાણે એની ફરજનો જ એ એક ભાગ હોય. એ મને અનહદ ચાહતી. કદાચ પોતાની જાતથીય વધુ. લગ્ન લાયક ઉંમર થતાં શોભાને મુરતિયાઓ બતાવવાનું શરૂ થયું અને ત્યારથી શરૂઆત થઈ એની અને આખા કુટુંબની કમનસીબીની. શોભાને જાંઘના ભાગમાં કોઢ હતો. ક્યાંક પણ વાત ચાલે કે, પહેલાં જ શોભા આ વાત કરી દેતી અને પછી વાત ત્યાં જ અટકી પડતી. મા-બાપુ એને આ વાત જાહેર ન કરવા રીતસર દબાણ કરતાઃ 'પરણ્યા પછી બધુંય થાળે પડી જશે. એક વાર તારી સાથે મનમેળ થઈ જાય, પછી કોઈ તને આટલા નજીવા કારણસર છોડી થોડું જ દેવાનું હતું?' પણ શોભાને આ 'નજીવું કારણ' નહોતું લાગતું. કોઈ સાથે છેતરપિંડી કરવા એનું મન તૈયાર ન થતું. આ જ કારણે અત્યાર સુધી સુખી લાગતા આ ઘરનાં સુખ-શાંતિ ડહોળાઈ ગયાં હતાં. આજ દિન સુધી માતા-પિતાને ડાહી ને હોશિયાર લાગતી શોભા હવે એમને જિદ્દી અને ઘમંડી લાગવા માંડી હતી. મા એની સાથે હવે મોઢુ ચઢાવીને વાત કરતી અને બાપુ ખપ પૂરતું જ બોલતા.

એમાંય તે દિવસે તો હદ થઈ ગઈ. આ વખતે આખી બાજી ફોઈએ પોતાના હાથમાં લઈ લીધી હતી અને એમને પોતાની સફળતા વિશે ભરપૂર વિશ્વાસ હતો. આજે ઘેર આવનાર છોકરા સાથે કઈ રીતે અને શું વાત કરવી (ખાસ કરીને તો શું ન કરવી) એ એમણે શોભાને પાંથીએ પાંથીએ તેલ નાખીને પચાવી દે એમ મગજમાં ઠસાવ્યું હતું. પણ પરિણામ? ફરી એક વખત શોભા લગ્નના બજારમાં નાપાસ. એના નામની સામે વધુ એક ચોકડી મુકાઈ ગઈ હતી. ફોઈને ખ્યાલ આવી ગયો કે, આ માથાફરેલ ભત્રીજીએ એમની મહામૂલી સલાહને અવગણી હતી. ખલાસ, ફોઈનો અહમ ભાંગીને ભુક્કો થઈ ગયો. 'હવે આખી ન્યાતમાંથી કોઈ તમને મુરતિયો બતાવે તો કહેજો ને! છોકરીની જાતને તો કાબૂમાં રાખેલી સારી. આ જો, તારી શોભા બે પૈસા કમાઈને લાવે છે તે એનું મગજ તો ફાટીને ધુમાડે ગયું છે. હવે રાખજો, એક નહીં બે પણ બે બે કન્યારત્નોને ઘરમાં. મોટી જ ઠેકાણે નહીં પડે તો નાનીને ક્યાં વરાવશો? આ તો મને મારા ભાઈનું દાઝે એટલે આટલું સારું ઠેકાણું બતાવ્યું, પણ હવે ફરી નામ ન લઉં.'

ફોઈ ધમધમાટ કરતાં ગયાં પછી અપમાન અને ગુસ્સાથી ધૂંધવાયેલી માએ તે દિવસે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું. પોતાની આ લાડકી દીકરીને આવા આકરા શબ્દો કહેતાં એના મન પર શું વીતતી હશે એ સમજવા છતાં. મને મા પર તે દિવસે બહુ ગુસ્સો આવ્યો. એમાંય મા જ્યારે 'નાની બહેનના ભવિષ્ય આડે પથરો થઈને પડી છે તે શી ખબર, ક્યારે ટળશે?' એવું વાક્ય બોલી ત્યારે મારાથી રીતસર ચીસ પડાઈ ગઈ. 'મા તું આ શું બોલે છે?' પણ

*હું ચાંદની રાતે નીકળ્યો'તો ને મારી સફર ચર્ચાઈ ગઈ,*
*કંઈ મંજિલ પણ મશહૂર હતી, કંઈ રસ્તા પણ બદનામ હતા.*

શોભાએ મારો હાથ પકડીને મને શાંત પાડવા કોશિશ કરી. એનો હાથ ઠંડોગાર હતો અને ચહેરો ધોળોફક! રાત્રે અમે બંને બહેનો એકલી પડી ત્યારે દુભાયેલી શોભાને સાંત્વન આપવાનો મેં ખૂબ પ્રયાસ કર્યો. માનો કહેવાનો આશય એવો નહોતો પણ એના મોંમાંથી અજાણતા જ નીકળી ગયું - એમ કહીને એના ઘા પર મલમપટ્ટા કરવાનો પ્રયત્ન પણ કરી જોયો. પણ ફરીફરીને એ એક જ વાત કરતી રહી. 'મા સાચી છે. બધો વાંક મારો છે અને એની સજા તારે અને મા-બાપુએ ભોગવવી પડે છે. મને મારા નસીબ પર છોડીને તું સારું પાત્ર જોઈને લગ્ન કરી લે ને! મારી લાડકી બહેન, મારી આટલી વાત નહીં માને?'

એણે જોયું કે, હું લાખ ઉપાયે પણ લગ્ન માટે તૈયાર નહીં થાઉં.

'ઠીક ત્યારે, ચાલ, સૂઈ જઈએ.' એણે કહ્યું ત્યારે એના અવાજમાં જિંદગીથી હારી ગઈ હોય એવો થાક હતો. તો યે અમે સૂતાં (?) ત્યાં સુધી એ મને વિનવણી કરતી રહી. આખા દિવસના તનાવભર્યા વાતાવરણને કારણે મને સખત માથું દુખતું હતું. 'કાલે નિરાંતે વાત કરીશું...' એમ કહીને હું પડખું ફરીને સૂઈ ગઈ. સવારે ઊઠીને જોઊં છું તો રાત્રે મારી પડખે સૂતેલી મારી વ્હાલસોયી બહેન એક મૃતદેહમાં પલટાઈ ગઈ હતી. મારી આંખ મળી ગયા પછી શોભા ઊંઘની દસ-બાર ગોળીઓ ખાઈ લઈને ચિરનિંદરમાં પોઢી ગઈ હતી. 'મારા મૃત્યુ માટે કોઈ દોષિત નથી. અંગત કારણોસર હું આ પગલું ભરું છું.' આવી મરણનોંધની સાથે મને પરણી જવા અને મા-બાપુને સુખી કરવાની સલાહ આપતો પત્ર પણ હતો.

હસતું-રમતું, કિલ્લોલ કરતું એક કુટુંબ એક જ ઝાટકે ક્ષત-વિક્ષત થઈ ગયું. મેં ગાંઠ વાળી લીધી કે, 'શોભાના મૃતાત્માનું કે હરતીફરતી લાશ જેવા માતાપિતાનું જે થવું હોય તે ભલે થાય પણ હું આ જિંદગીમાં લગ્ન નહીં કરું, નહીં કરું ને નહીં કરું. શોભાના મૃત્યુનું કારણ આટલું સ્પષ્ટ હોવા છતાં એના બેસણામાં આવનારા હિતેચ્છુઓમાં છાનીછપની ચણભણ ચાલતી હતી કે :

'જુવાનજોધ છોકરી આવું પગલું કંઈ અમસ્તી થોડી ભરે?' 'ભઈ, આવી વાત તો બધા દબાવવાની જ કોશિશ કરે પણ મને તો લાગે છે કે, નક્કી ક્યાંક કૂંડાળામાં પગ....'

મારે ગળું ફાડી ફાડીને, ચીસો પાડી પાડીને કહેવું હતું : 'હા, એનો કૂંડાળામાં પગ પડ્યો હતો. દંભી સમાજરૂપી કૂંડાળામાં. આજે એના મોતની ચિંતા કરનારા જ્યારે એક કોડીલી યુવતી નાની એવી શારીરિક ખામીને કારણે અપમાનિત થતી હતી, બધેથી ઠુકરાવાતી હતી ત્યારે ક્યાં ગયા હતા?' પણ મારી જીભેથી એક શબ્દ પણ નીકળી રહ્યો નહોતો. હું અવાચક થઈ ગઈ હતી.

આજે, આટલાં વર્ષે, મારો ત્યારનો ધરબાયેલો આક્રોશ ફાટી નીકળ્યો હતો, ફૂટી નીકળ્યો હતો. કોઈ નિર્દોષ યુવતીની બદનક્ષી આવા, સમાજના ઉતાર જેવા લોકો ચણા-મમરા ફાકતા ફાકતા કરે એ મારાથી કઈ રીતે સહન થાય? નીચે ઊતરેલ એક યુવાન પરિસ્થિતિનો કયાસ કાઢીને પાછો ફર્યો અને મારી તરફ જોઈને કહેવા લાગ્યો : 'બેન, તમારી વાત સોળ આના સાચી હતી. છોકરીએ આપઘાત નથી કર્યો. બાજુમાં બસ્તીમાં રહેતી એની માએ આવીને કહ્યું કે, એ તો વર્ષોથી આ રીતે જ પાટા ઓળંગીને જતી હતી. પણ આજે ટ્રેન લેટ પડી ગઈ અને એને સમયનું ધ્યાન ન રહ્યું ને.... ટ્રેનના ડ્રાઈવરે પણ કહ્યું કે છોકરીનો આપઘાત કરવાનો કોઈ ઈરાદો નહોતો પણ હું ટ્રેનને બ્રેક મારું મારું ત્યાં જ એ બિચારી નિર્દોષ...'

મેં એક સળગતી નજર પાનાપાર્ટી તરફ નાખી. એ લોકોએ નજર ઝુકાવી અને ધક્કા સાથે ટ્રેન ચાલુ થઈ.

* * *

*જીવનની સમીસાંજે મારે જખ્મોની યાદી જોવી'તી,*
*બહુ ઓછાં પાનાં જોઈ શક્યો, બહુ અંગત અંગત નામ હતાં.*

# પતિ-પત્નીના જીવનને સ્પર્શતી એક સરસ વાત...

**પ્રસ્તુતી : તિલકચંદ લોડાયા - ચેન્નઈ**

લગ્નની પચીસી વટાવી ચૂકેલું એક દંપતી લગ્નની વર્ષગાંઠની પૂર્વ સંધ્યાએ એક બીજા સામે બેસીને એક બીજાના ગમા-અણગમાની ફરિયાદ કરે છે.

ત્યાં પતિ એક સરસ પ્રસ્તાવ મુકે છેઃ

''આપણે બંને એક બીજાને એક એક નોટબુક ભેટ આપીએ. તે નોટબુકમાં આપણે રોજેરોજ એક બીજાની કયી વાત ના ગમી તે ટાંકતા રહેવાનું અને આવતી વર્ષગાંઠે એકબીજા સામે બેસીને એક બીજાની ખામીઓ વાંચવાની... વર્ષ દરમ્યાન જે ખામી નજર આવે, આગામી વર્ષોમાં પ્રયત્ન કરવાનો તે ખામીઓ દુર કરવાનો, - તે ભૂલનું પુનરાવર્તન ના થાય તે જોવાનું!!''

પતિની આ વાત સાંભળી પત્ની પણ સંમત થઈ અને એક બીજાને નોટબુકની આપ-લે કરી લીધી. વર્ષ વીતતું ગયું.... વાતો - ભૂલો - ખામીઓ લખાતી રહી...

એક વર્ષના વહાણાં વાઈ ગયા...

ફરી લગ્નની વર્ષગાંઠે પતિ-પત્ની સામસામે બેઠા... એક બીજાની નોટબુકની આપ-લે કરી લીધી. 'પહેલે આપ પઢો...' ની હુંસાતુંસી જામી... આખરે મહિલા પ્રથમના ધોરણે પત્નીએ લખેલી નોંધ પતિએ વાંચવાની શરૂઆત કરી....

પ્રથમ પાનું... બીજું પાનું... ત્રીજું પાનું....

ફિલ્મ જોવાનો વાયદો કરી મોડા આવ્યા....

બહાર જમવાનો વાયદો કરી ના લઈ ગયા...

મારા પિયરીયા આવ્યા ત્યારે સારી રીતે વાત ના કરી....

મારા માટે ભંગાર સાડી ઉપાડી લાવ્યા....



આવી અનેકો રોજ-બરોજની ફરિયાદો પતિદેવે વાંચી... પતિની આંખોમાંથી અશ્રુઓની ધાર વહેવા માંડી.... આખરે છેલ્લું પાનું પુરું કરી પતિએ પત્નીને કહ્યું : ''તારી બધી ફરિયાદો હું કબુલ કરું છું અને આગામી વર્ષોમાં તેનું પુનરાવર્તન ન થાય તેનું હું ધ્યાન રાખીશ....

હવે પત્નીએ પતિની રોજનીશીના પાના ફેરવવા શરૂ કર્યાં.

પ્રથમ દિવસ... બીજો દિવસ... ત્રીજો દિવસ...

કોરું ધાકોર... પછી... બે ચાર દિવસો એક સાથે ફેરવ્યા.... ત્યાં પણ કોરું ધાકોર... મહિના ફેરવ્યા... ત્યાં પણ બધું કોરું ધાકોર.... આખરે પત્નીએ કંટાળી વર્ષનું છેલ્લું પાનું ખોલ્યું... ત્યાં પતિએ લખ્યું હતું...

''હું તારા મોઢે ગમે તેટલી ફરિયાદો કરું પણ તે મારા માટે કરેલા ત્યાગ અને આપેલા અનહદ પ્રેમ બાદ જેને યાદ રાખી હું લખી શકું તેવી કોઈ ખામી દેખાઈ નથી. તારા પ્રેમ અને ત્યાગે તારી બધી ખામીઓને મારી નજરમાં આવવા જ દીધી નથી... તું દરેક ભૂલ અને ખામીઓથી પર છે.... કેમકે તેં

**(અનુસંધાન પાના ૨૬ ઉપર)**

*જે પેલા ખૂણે બેઠા છે એ 'સૈફ' છે, મિત્રો જાણો છો?*
*એ કેવા ચંચલ જીવ હતા, ને કેવા રમતારામ હતા!*
*- 'સૈફ' પાલનપુરી*

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી ક.દ.ઓ. મહિમા મંચ ખામગામ – શેગાંવ

શ્રી ક.દ.ઓ. મહિમા મંચ ખામગામ – શેગાંવની જાન્યુઆરી મહિનાની મીટીંગમાં નવ્વાણુંયાત્રા કરનાર મંચના ૩ સભ્યો સૌ વર્ષાબેન નીરેન લોડાયા, સૌ. તૃપ્તીબેન હીરેન લોડાયા, સૌ. લીલાબેન નયન નાગડાની અનુમોદના કરવામાં આવી. ઈનામોના સ્પોન્સર સૌ. હેતલ નાગડાએ પેપરગેમ રમાડી જેમાં પ્રથમ ઇનામ બે જણને ગયું. સૌ અમી વીકમશી અને સૌ. લીનાલી લોડાયા દ્વિતીય ઇનામ સૌ. સોનમ વીકમશીને મળ્યું. સંક્રાંત નિમિત્તે બધાને હલ્દી કંકુ કરી, તીલગુડ આપી અને ભેટવસ્તુ આપવામાં આવી. સરસ મહારાષ્ટ્રીયન તૈયાર થઈને આવેલ સૌ. રીચા અમીત જૈનને મળ્યું.

### વડોદરામાં શ્રી સચ્ચાઈ માની સમૂહ પહેડી

વડોદરામાં વસતા શ્રી સચ્ચાઈ માના ભાવિક પરિવારો દ્વારા માની ૨૪મી સમૂહ પહેડી તા. ૫-૨-૨૦૧૭ને રવિવારના કે.ડી.ઓ. ભવનમાં ઉજવવામાં આવેલ. સમૂહ પહેડીનો લાભ માતુશ્રી લક્ષ્મીબાઈ પદમશી પનપરિમા હસ્તે ઋષભ રતીલાલ પનપારિયા ગામ નાગ્રેચા હાલ વડોદરાએ લીધેલ. ૫૫૦ ભાવિકો તથા નિયાણી બહેનોએ પહેડી – પ્રસાદ તથા સાધર્મિક ભક્તિનો લાભ લીધો. સંગીતકાર અંજનાબેન શાહ (સુરાવલી ગ્રુપ) માતાજીની ધુન તથા ગરબામાં રમઝટ જમાવેલ. દાતા પરિવારનું બહુમાન કરવામાં આવ્યું. પહેડીનું સંચાલન કિશોર ધુલ્લા, શાંતિલાલ લોડાયા, ધનજી ગડા, હસમુખ ગડા તથા દિલીપ ગડાએ કર્યું હતુ.

## તેજસ્વિની ટ્રેડ ફેર

**રવિવાર, તા. ૯ એપ્રિલ ૨૦૧૭**
**સ્થળ : સારસ્વત વાડી, ઝવેર રોડ, સ્ટેશનની બાજુમાં, મુલુન્ડ (વેસ્ટ),**

**સ્ટોલ બુકિંગ માટે સંપર્ક : 98704 01878**
**98206 90673 / 88501 59191**

### હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે. હાડકાનો કેમ્પ રવિવાર, તા. ૨૬-૦૩-૨૦૧૭ના બપોરના ૧ વાગ્યાથી ૨ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે. કિડની, લીવર, સ્કિન તથા અન્ય રોગના દર્દીઓ માટે શનિવાર તા. ૨૫-૦૩-૨૦૧૭ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૪ વાગ્યા સુધી તથા રવિવાર તા. ૨૬-૦૩-૨૦૧૭ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૧ વાગ્યા સુધી હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે. ઇચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 09619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

પ.પૂ. ગણિવર્ય શ્રી મહોદયસાગરજી મ.સા., પ.પૂ. ગણિવર્ય શ્રી કવીન્દ્રસાગરજી મ.સા. અને પ.પૂ. ગણિવર્ય શ્રી વીરભદ્ર મ.સા.ને પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના વરદ હસ્તે આચાર્ય પદ પ્રદાન કરવામાં આવ્યું નવા આચાર્યશ્રીઓની ભૂરી ભરી અનુમોદના..
– ચિમન મોતા • તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)
M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.
Asia's First ISO 9001:2000 Certified Gin Press

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **ભાવેશ પદમશી શાહ (શિયાલ)** (PS 7298) | કે-૨૦૨, શાલીન હાઈટ-૩, આયોજન નગર સામે, ગાંધીધામ રાજકોટ હાઈવે, અમદાવાદ - ૩૮૨ ૪૪૫. મો.: ૦૮૩૨૦૭ ૨૯૭૯૬ |
| **પરાગ એમ. ખોના** (PS 7202) ૦૯૬૯૯૭૮૧૨૮૪ | નીલકંઠ એસ.આર.એ. કો.હા.સો., રૂમ નં. ૪૦૬, ૪થે માળે, બિલ્ડીંગ નં. ૨, બી.પી. ક્રોસ રોડ, જુની પોલીસ લાઈન પાસે, મુલુંડ (વે.), મુંબઈ-૪૦૦ ૦૮૦. |
| **જય કિરણ મોમાયા** (PS 4782) | એ-૨૦, કેસર સ્મૃતિ કો.હા.સો., ઘનશ્યામ ગુપ્તે ક્રોસ રોડ, વિષ્ણુ નગર, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. |
| **પરેશ શાંતીલાલ શાહ (શિયાલ)** (PS 7300) | બી/૧૭, પુનર્વસુ કો.હા.સો., આનંદ નગર, પંડિત દીનદયાલ રોડ, ઈન્દ્રાણી હોસ્પીટલ પાસે, ડોમ્બીવલી (વેસ્ટ)-૪૨૧ ૨૦૨. મો.: ૦૯૮૨૧૪ ૪૪૮૬૦ |
| **શ્રીમતી મણીબાઈ કાંતીલાલ મોમાયા** (PS 6738) | પ્લોટ નં. એ૪, શ્રી લેક કેસલ, શિરશોલી રોડ, મેહરૂન લેક, તાંબાપુરા, ગ્રેપ્સ રેસ્ટ્રો એન્ડ બાર, જલગામ - ૪૨૫ ૦૦૧. મો.: ૦૯૪૦૩૬ ૪૦૭૧૦ |
| **નિલેશ નરેન્દ્ર લોડાયા** (PS 7029) | ૯૬, એમ. જી. રોડ, જૈન શ્વેતાંબર ટેમ્બલ, ઘંટાઘર ચોક, ખંડવા - ૪૫૦ ૦૦૧. મો.: નમ્રતા - ૦૮૬૦૦૭ ૪૫૪૭૫ |
| **યોગેશ નવીન લાલકા** (PS 6123) | ૪૦૪, ચંદ્રમણી એપાર્ટમેન્ટ, જાનકી નગર, ઈન્દોર -૪૫૨ ૦૦૧. મો.: ૦૯૮૧૯૪ ૭૬૩૨૫ |
| **નવીનચંદ્ર કલ્યાણજી શાહ (ખોના)** (PS 6514) | એ-૨૦૫, ગોપાલન એડમીરાલ્ટી એવેન્યુ, દ્દઠ્ઠો મેઈન, ઈંદીરા નગર, ઈ.એસ.આઈ.સી. હોસ્પીટલ પાસે, બેન્ગલોર - ૫૬૦ ૦૩૮. મો.: વરૂણ ૦૯૯૮૦૫ ૦૯૩૫૦ |

## જીવનચક્ર

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬-૦૩-૧૭ | આદીપુર | સાગર મયુર જેઠાભાઈ લોડાયા | નલીયા | ૨૫ |
| | ભાવનગર | સપના નવીનભાઈ ખીમજીભાઈ નાગડા | કોઠારા | ૨૪ |
| ૦૮-૦૩-૧૭ | મુલુંડ | કરણ દિપક માણેકજી લોડાયા | સાંયરા | ૨૫ |
| | હૈદ્રાબાદ | જુહી સંજયકુમાર કાન્તીલાલ મોતા | તેરા | ૨૪ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮-૦૩-૧૭ | મુલુંડ | ચીમનલાલ પદમસી શાહ (લોડાયા) | તેરા | ૮૩ |
| ૦૯-૦૩-૧૭ | ખામગામ | જીતેન્દ્ર ગોવિંદજી નાગડા | તેરા | ૬૫ |
| ૦૯-૦૩-૧૭ | ભાંડુપ | મંજુલા રમેશ ભવાનજી લાપસીયા | દલતુંગી | ૫૯ |
| ૧૧-૦૩-૧૭ | હૈદ્રાબાદ | અરૂણ વેલજી મોતા | કોઠારા | ૪૨ |
| ૧૧-૦૩-૧૭ | ડોમ્બીવલી | હંસા પ્રતાપ ધનજી લોડાયા | મંજલ રેલડીયા | ૫૬ |

## પતિ-પત્નીના જીવનને સ્પર્શતી એક સરસ વાત... (અનુસંધાન પાના ૨૪ થી ચાલુ)

મારી અક્ષમ્ય ખામીઓ પછી પણ દરેક ડગલે અને પગલે તેં મારો સાથ આપ્યો છે... મારા પડછાયાનો વાંક ક્યાં દેખાય મને....

હવે અશ્રુની ધારનો વારો પત્નીનો હતો. તેને પતિના હાથમાંથી પોતાની રોજનીશી લઈ તેને કચરા ટોપલીમાં સ્વાહા કરી દીધી.... સાથે સાથે ગમા-અણગમાઓને પણ...

નવપલ્લિત બની... નવપરિણિત યુગલની જેમ મહેકી ઉઠ્યું તેમનું જીવન.

એક-બીજાની ખામીઓ શોધવાને બદલે એક-બીજાએ પરસ્પર શું ત્યાગ કર્યું તેનો વિચાર માત્ર આપણા જીવનને નવપલ્લિત કરી મુકે છે....

* * *

વિSAMO
GROUP · PARIWAR · MULUND
SINCE 11 YEARS

STARRING "SHARVI MOTA"
(KDO COMMUNITY'S PRIDE)

PROGRAMME NO: 03
SUNDAY,
26TH MARCH,2017
VENUE : ZAVERBEN
POPATLAL AUDITORIUM,
GHATKOPAR (E)
TIME : 8:45 P.M

ઈશાન રાંદેરિયા–ચેતન ગાંધી
નિર્મિત
ચિત્રક શાહ
કિરણ માલવણકર પ્રસ્તુત
પિતા–પુત્રીનાં સ્નેહનું
ફુલગુલાબી નાટક
દિગ્દર્શક: ધીરજ પાલશેતકર
લેખિકા: ભકિત રાઠોડ
ધર્મેશ વ્યાસ અભિનિત



સિદ્ધાર્થ રાંદેરિયા પ્રોડક્શન્સ
MR. & MISS બારોટ

GUJARATI DRAMA

PLEASE CONTACT US ON:

L.D.MAISHERI +91 98924 50358
DEEPAK MOMAYA +91 93236 48398
MAHESH DAND +91 97692 60739
RAJESH HEFFA +91 96196 98717
LITIN MOMAYA +91 97698 88773

ADDRESS : L.D.MASTER, SHOP NO 3, OM SAI NATH, SURENDRA NIWAS, R.H.B ROAD, MULUND (W)-80

## વડોદરા પધારેલા અચલગચ્છાધિપતિનું ચઢતા ભાવે સામૈયું, પાવાગઢ પર મહાકાળી ભાવના અને અઠ્ઠમનો કાર્યક્રમ : મુંબઈમાં પણ તેમના સામૈયાની જોરદાર તૈયારી








અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના ગુરૂવાર તા. ૯-૩-૨૦૧૭ના વડોદરા નગરે પધાર્યા ત્યારે તેમનું ભવ્ય સામૈયું થયું.

પૂજ્યશ્રીએ અલકાપુરી, રાવપુરા, કે.ડી.ઓ. નગર, કારેલી બાગ ખાતે સુશ્રાવક-સુશ્રાવિકાના ઘરે પગલા કરવા ઉપરાંત રાવપુરા ઓમકાર તીર્થે તથા કે.ડી.ઓ. નગરના શ્રી વિમલનાથ જિનાલયે અનુષ્ઠાનોને નિશ્રા આપી હતી.

પૂજ્યશ્રીની નિશ્રામાં રવિવાર, તા. ૧૨-૩-૨૦૧૭ના  પાવાગઢ છ'રિ પાલક સંઘ કે.ડી નગર વડોદરા થી પ્રયાણ કરી બુધવાર તા. ૧૫-૩-૨૦૧૭ના પાવાગઢ તીર્થે પ્રવેશ કરશે. જ્યાં સંઘમાળ અને ઉપરાંત મહાપ્રભાવિક મહાકાલી પુજન અનુષ્ઠાન થશે.

મંગળવાર તા. ૧૪-૩-૨૦૧૭થી ગુરૂવાર તા. ૧૬-૩-૨૦૧૭ના સામૂહિક વિશેષ અઠ્ઠમ તપનું આયોજન છે.

**પૂજ્યશ્રી બુધવાર તા. ૧૨-૪-૨૦૧૭ના પ્રવેશ દ્વાર સમ મુલુંડ નગરેથી મુંબઈ પ્રવેશ કરશે ત્યારે ભવ્ય સામૈયા પછી ચેકનાકાના રિચર્ડસન કુડાશ ખાતે તેમના મુંબઈ પ્રવેશ નિમિત્તે સ્વાગત કાર્યક્રમ યોજાશે.**

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (13-03-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001


# WANTED

## An M.B.A. MARKETING
for
## 3D PRINTING COMPANY






A leading **3D Printing** Company from our **Community** at Sion (Mumbai) who is doing projects and has done projects for **Tata, B.A.R.C.** leading Architects and Doctors needs M.B.A. Marketing.

Those interested should email their C.V. to **hr@meltingmints.in**




## મહાતપસ્વી ખુશાલભાઈ લખમશી માણેક પોલડીયા (ડુમરા - બોરીવલી)ની ૧૮૦દિવસના છ માસી તપના સંકલ્પથી સૌ અનુમોદના ભાવે ગદગદ

માતુશ્રી લક્ષ્મીબાઈ પોલડીયાના સુપુત્ર શ્રી ખુશાલભાઈ સળંગ ૧૩૧ ઉપવાસ પુર્ણ કરી શાતાપૂર્વક તપસ્યામાં આગળ વધી રહ્યા છે. આચાર્યદેવશ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મહારાજાના પચાસમાં વર્ષીતપની અનુમોદનાર્થે પ્રભુશ્રી મહાવીર સ્વામીના તપને અનુસરીને શ્રી ખુશાલભાઈએ આચાર્યદેવશ્રી પાસે ૧૮૦ દિવસના છ માસી તપ કરવાની ઇચ્છા વ્યક્ત કરતાં આચાર્ય દેવશ્રીએ એમને સહર્ષ અનુમતિ આપી પરંતુ તિવિહારા ઉપવાસથી જ આગળ વધવાની આજ્ઞા આપી.

સં.પ.સુપુત્રી મ.સા. શ્રી વર્ધમાનગુણાશ્રીજી મ.સા.ને નવ વર્ષ પહેલા શાસનના ચરણે ''પુણ્ય વિપુલ પરિવાર''માં સંયમ પંથે અર્પણ કરી ત્યારથી તેમની સંયમ જીવનની અનુમોદના સાથે ખુશાલભાઈએ પણ પોતાનું જીવન તપમય બનાવી દીધું. પુત્રી મ.સા.ની સંયમ યાત્રાની સાથે ખુશાલભાઈએ તપયાત્રાની શરૂઆત કરી અને સળંગ ચોવિહારા વર્ષીતપની સાથે વિવિધ તપની હારમાળા સર્જી દીધી. એમની ઉગ્ર તપસ્યાઓ ચોવિહારી અને વરસીતપની સાથે જ છે. તેમણે ૧. સળંગ નવ વર્ષી તપ ૨. સોળ અઠ્ઠાઈ, ચાર સોળભત્તા, દશ માસક્ષમણ, સળંગ પચાસ ઉપવાસ, એકાવન ઉપવાસ, અડસઠ ઉપવાસ તથા... ૩. ૨૨૯ છટ્ઠ, ૧૦૮ અઠ્ઠમ કરેલ છે તેમજ આવી ઉગ્ર તપશ્ચર્યા સાથે શત્રુંજય અને ગિરનારની ઉગ્ર યાત્રાઓ પણ કરી છે.

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,